આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# ઉમરગામમાં મોડી રાતે ગોઝારો અકસ્માત : ૩ના મોત

## સ્વિફ્ટ ઝાડ સાથે અથડાતાં ગાડીનું પડીકુ વળી ગયું, પતરાં કાપી મૃતદેહો બહાર કાઢવા પડયાં : ખાનગી કંપનીમાં નોકરી કરતાં ઉત્તર પ્રદેશના ૫ મિત્રો હોટલમાં જમીને પરત ફરતાં હતા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ઉમરગામ તાલુકાના સંજાણ-ભીલાડ માર્ગ પર ગુરુવારે મોડી રાત્રે ગંભીર અકસ્માત સર્જાયો હતો. વાપીથી ઉમરગામ તરફ આવી રહેલી એક સ્વિફ્ટ કાર બેકાબૂ બનીને રસ્તા નજીકના ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ યુવકોમાંથી ત્રણના મોત થયા છે, જ્યારે બે યુવકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેથી તેઓને હોસ્ટિપટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ક્રેઈન અને કટરની મદદથી કારમાં ફસાયેલા યુવકોને બહાર કઢાયા આ પાંચેય યુવકો ઉમરગામથી ભીલાડ હાઈવે





પરની હોટલમાં જમવા ગયા હતા. જ્યાંથી પરત ઉમરગામ આવી રહ્યા હતા. તે દરમિયાન કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે, ગાડીના ફુરચે ફૂરચા ઉડી ગયા હતા. ઘટના ની જાણ થતાં જ ઉમરગામ ફાયર વિભાગની ટીમ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને કારમાં ફસાયેલા યુવકોને બહાર કાઢવાનું કામ શરૂ કર્યું હતું. ક્રેઈન અને કટરની મદદથી કારના પતરા કાપીને મૃતકો અને ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. તમામ યુવકો ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. ઈજાગ્રસ્ત બિક્રમ સંપત સિંહને વલસાડ સિવિલમાં જ્યારે જલમ મધ સિંહને સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ તમામ યુવકો ઉમરગામની અલગ અલગ ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાનું પણ સામે આવ્યું છે. મૃતક ત્રણેય યુવકો ઉત્તરપ્રદેશના રહેવાસી અકસ્માતને કારણે માર્ગ પર લોકોના ટોળાં ભેગા થયા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક ત્રણેય યુવકો ઉત્તરપ્રદેશના રહેવાસી હતા. જોકે, મૃતકોની ઓળખ તથા અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.



સંઘપ્રદેશ દમણમાં ગણેશોત્સવ ઉત્સાહભેર આગળ વધી રહ્યો છે ત્યારે આજે પાંચમા દિવસના શ્રીજીની પ્રતિમાઓનું નાની દમણ જેટી ખાતે ક્રેઈન દ્વારા વિસર્જન કરવામાં આવ્યું હતું. દમણમાં દોઢ દિવસ, અઢી દિવસ, પાંચ દિવસ, સાત દિવસ, નવ દિવસ અને છેલ્લે અનંત ચૌદસનું વિસર્જન દબદબાભેર કરવમાં આવે છે. અહીં વાપી અને આજુબાજુના વિસ્તારમાંથી પણ મોટી શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવા વિવિધ મંડળના ભકતો દર વર્ષે આવે છે. **(તસવીર પ્રદિપ ભાવસાર, દમણ)**

# વાપીના જ્વેલર્સ પાસે રૂા. ૫ કરોડની યુ.કે.થી ખંડણીની માંગ!?

## કુખ્યાત બિશ્નોઈ ગેંગની વિરોધી ગેંગના નામે ખંડણીની માંગણી : યુકે થી વોટ્સએપ કોલ અને વોઈસ મેસેજ મારફતે યુનાઈટેડ કિંગડમ(યુ.કે.)થી ધમકીની ચર્ચા : એઆઈ જનરેટેડ કોલ હોવાની શંકા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીના એક જાણીતા જ્વેલર્સને કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગની વિરોધી ગેંગના નામે ૫ કરોડની ખંડણી માંગવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટનાથી વાપીના વેપારીઓમાં ચકચાર ફેલાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ ગત બુધવારે વાપીના જ્વેલર સંચાલક યુવકના મોબાઈલ પર વિદેશી નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. તે સમયે તે ગ્રાહકોમાં વ્યસ્ત હોવાથી કોલ ઉપાડી શક્યો ન હતો. બાદમાં તેણે સામેથી કોલ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કોલ લાગ્યો ન હતો.

બીજા દિવસે સવારે ૩:૩૦ કલાકે ફરી યુકે નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. સામે




છેડેથી વ્યક્તિએ પોતાની ઓળખ કુખ્યાત બિશ્નોઈ ગેંગની વિરોધી ગેંગના સભ્ય તરીકે આપી હતી. 'હું તને અને તારા પરિવારને ઓળખું છું' એમ કહી ૫ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી અને ધમકી આપી હતી કે 'પોલીસમાં ફરિયાદ કરવી હોય તો કરી દે, પણ પરિણામ સારું નહીં આવે.' આ ધમકીથી ગભરાયેલા જ્વેલર્સે તાત્કાલિક નંબર બ્લોક કરી દઈ વાપી પોલીસને જાણ કરી હતી.

જોકે આ મામલામાં સૌથી ચોંકાવનારો વળાંક એ છે કે સૂત્રોના જણાવ્યા મુજબ આ વોટ્સએપ કોલ એઆઈ જનરેટેડ હોવાની શંકા છે. કોઈ ત્રાહિત ઈસમ દ્વારા રૂપિયા પડાવવા માટે આ તરકટ રચાયું હોવાનું મનાઈ રહ્યું છે. વળી, જે વ્યક્તિના નામે ધમકી અપાઈ છે તેનું તો વર્ષો પહેલા એન્કાઉન્ટરમાં મોત થઈ ચૂક્યું છે. સૂત્રોનું કહેવું છે કે ભૂતકાળમાં પણ વાપીના કેટલાક વેપારીઓને આવા જ કોલ આવ્યા હતા અને ટૂંકા રસ્તે પૈસા કમાવવા માટે આવા ફોર્વર્ડ કોલ કરાતા હોવાની શક્યતા છે. હાલ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે, ત્યારે આ કથિત ખંડણી કોલની શહેરમાં ભારે ચર્ચા જાગી છે.

# વલસાડની જર્જરીત જેટી પર પ્રવેશબંધી

## ગુજરાત મેરીટાઈમ બોર્ડ જાહેર નોટિસ લગાડી






(દમપણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડના ઔરંગા બંદર પરની જેટી અત્યંત બિસ્માર અને જોખમી બની જતાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા જાહેર જનતાની સલામતીને ધ્યાને રાખીને સમગ્ર જેટી વિસ્તારમાં પ્રવેશ તેમજ કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરવા પર તાત્કાલિક અસરથી સખત પ્રતિબંધની નોટિસ લગાવવામાં આવતા ગણેશ ભક્તોમાં ભારે નારાજગી જોવા મળી છે.

હવે ગણેશ વિસર્જન માટે જેટીનો રસ્તો ખોલવામાં આવશે કે પછી કાયમ માટે બંધ કરવામાં આવશે. વલસાડ શહેર ના ઔરંગા બંદર પર વર્ષો જૂની જેટી આવેલી છે આ જેટી પર દર વર્ષે વિસર્જન માટે જતી નાની મોટી ગણપતિ બાપાની મૂર્તિનું ક્રેન તેમજ ફાયર બ્રિગેડની ટીમ મારફતે ઔરંગા નદીના પાણીમાં બાપાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. ઓરંગા બંદર રોડ પરની આવેલી જેપી વર્ષોથી જર્જરિત હાલતમાં છે. જે જેટી પર પડેલા ખાડા માજી પ્રમુખ રાજુ મરચા તેમજ ગણેશ મંડળોએ તમે કરેલી રજૂઆતના પગલે રીપેરીંગ કરવામાં આવ્યો હતા.

ત્યારે ઔરંગા નદીના જેટી પર લોકોની અવરજવર બંદર અધિકારી સુરત દ્વારા સ્થળ પર લાલ આંખ કરતી ચેતવણી બોર્ડ લગાવવામાં આવી છે. તંત્રએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જેટી પર જવું જીવલેણ સાબિત થઈ શકે છે, જેથી માછીમારો, સહેલાણીઓ કે સ્થાનિક નાગરિકોએ ત્યાં જવાનું ટાળવું, જર્જરિત જેટી પર સામાન્ય નાગરિકો કે શ્રમિકોના પ્રવેશ તેમજ કોઈપણ વ્યાપારી કે સ્થાનિક પ્રવૃત્તિ પર સદંતર રોક, ચેતવણી છતાં જો કોઈ વ્યક્તિ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરશે તો તેની સામે કાયદેસરના કડક પગલાં લેવાશે.નોટિસની અવગણના કરીને જેટી પર જનાર સાથે જો કોઈ અકસ્માત કે જાનહાનિ થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે વ્યક્તિની રહેશે. વહીવટી તંત્ર કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહીં.

તંત્ર દ્વારા જાહેર જનતાને પોતાની સલામતી ખાતર નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને જોખમી જેટીથી દૂર રહેવા ખાસ અપીલ કરવામાં આવી છે.

નોટિસ લગાવવામાં આવતા ગણેશ ભક્તોમાં ભારે નારાજગી જોવા મળી છે.

હવે ગણેશ વિસર્જન માટે જેટીનો રસ્તો ખોલવામાં આવશે કે પછી કાયમ માટે બંધ કરવામાં આવશે.

# વાપીના બે વિદ્યાર્થીઓએ IIT માં પ્રવેશ મેળવ્યો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીની વાપીની, શ્રી એલ.જી.હરિયા મલ્ટીપર્પઝ હરિયા સ્કૂલના વિદ્યાર્થીઓની ૨૦૨૬ના બેચમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માસ્ટર મિશાલ રાય. અને વૈંકટેસ પગારે એમની ઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. મિશાલ રાયે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ડેટા એન્જિનિયરિંગમાં અને વૈંકટેસ પગારે ડેટા સાયન્સ એનાલિસ્ટિક્સમાં આઈઆઈટી ખાતે પ્રવેશ મેળવ્યો છે. તેમની આ સફળતા એ તેમના માતા-પિતા અને સમગ્ર હરિયા પરિવારને ગૌરવની અનુભૂતિ કરાવી છે.

આ બંને વિદ્યાર્થીઓની સિદ્ધિ બિરદારવતાં કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીન્ની પોલ તથા સ્ટાફ તરફથી અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતાં.

# વલસાડમાં બે આખલાને છુટા પાડવા ફટાકડા ફોડવા પડયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ શહેરના ઘડુચી તળાવ વિસ્તારમાં બે આખલાઓ વચ્ચે સર્જાયેલા ધીંગાણાએ સમગ્ર પંથકમાં ભારે દોડધામ મચાવી દીધી હતી. અચાનક સામસામે આવી ગયેલા બે આક્રમક આખલાઓએ એકબીજા સાથે લડતા આખું ગામ માથે લીધું હતું. જેના કારણે સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં ભારે નાસભાગ



પ્રતિમાત્મક તસવીર

અને ભયનો માહોલ સર્જાયો હતો. આખલાઓની ભીષણ લડાઈને પગલે રસ્તા પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો હતો અને લોકો જીવ બચાવવા માટે સુરક્ષિત સ્થળોએ તેમજ દુકાનોમાં દોડી ગયા હતા. આખલાઓ એટલા રોષે ભરાયેલા હતા કે કોઈ પણ વ્યક્તિ તેમની નજીક જવાની હિંમત કરી શકતું નહોતું.

સ્થિતિ વધુ વણસે તે પહેલાં સ્થાનિક ગ્રામજનો અને યુવાનોએ સમયસૂચકતા વાપરી બંનેને છૂટા પાડવા દેશી નુસખો અજમાવ્યો હતો.

લોકોએ દૂરથી જ આખલાઓ પાસે ફટાકડા ફોડવાનું શરૂ કર્યુ અને પાણીનો મારો ચલાવ્યો હતો. ફટાકડાના તીવ્ર અવાજ અને ઠંડા પાણીના છંટકાવને પગલે લાંબી જહેમત બાદ બંને આખલા છૂટા પડતાં સ્થાનિક ગ્રામજનો અને વેપારીઓએ હાશકારો અનુભવ્યો હતો.

ઘટના બાદ સ્થાનિકોએ આ વિસ્તારમાં રખડતા ઢોરના વધતા ત્રાસ સામે કાયમી ઉકેલ લાવવા માટે તંત્ર સમક્ષ માંગ કરી છે.

## વેપારીઓની ઠંડા બજારની ફરિયાદ વચ્ચે બુસ્ટર ડોઝ

# વાપીના ગણેશોત્સવમાં માર્કેટમાં રૂા.૧૦૦ કરોડથી વધુનો ધંધો!

## વાપી પંથકમાં મૂર્તિકાર સાથે મંડપ ડેકોરેશન સાથે લાઈટિંગ અને સાઉન્ડ, ફુલ-હાર, કેટરીંગ અને મીઠાઈના વ્યવસાયને પણ મોટો લાભ મળ્યો હોવાની પણ ચર્ચા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ગણેશ ચતુર્થીના પર્વને લઈ વાપી પંથકમાં ભક્તિ સાથે બજારોમાં પણ ભારે ચહલપહલ જોવા મળી હતી. ગણેશોત્સવ દરમિયાન ગણેશજીની મૂર્તિથી લઈને મંડપ ડેકોરેશન, ફૂલહાર, પ્રસાદ, લાડુ-મીઠાઈ, કેટરિંગ, લાઈટિંગ, સાઉન્ડ, ડીજે, પૂજા સામગ્રી, કપડાં સહિત વિવિધ ક્ષેત્રના વેપાર-ધંધામાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી. વેપારી વર્ગમાં ચર્ચા મુજબ ગણેશોત્સવને કારણે વાપી અને આસપાસના વિસ્તારમાં ૧૦૦ કરોડથી વધુનો કારોબાર થયો હોવાનું મનાઈ રહ્યું છે. ગણેશોત્સવ માટે વાપી તથા આસપાસના વિસ્તારોમાંથી ઘર-ઘરમાં તેમજ વિવિધ ગણેશ મંડળો દ્વારા આકર્ષક અને મોંઘી ગણેશજીની પ્રતિમાઓની ખરીદી કરવામાં આવી હતી. આ ઉપરાંત દરેક મંડળ દ્વારા પોતાના મંડપને વધુ આકર્ષક બનાવવા અલગ-અલગ પ્રકારનું ડેકોરેશન કરાવવામાં આવ્યું હતું. જેના કારણે મંડપ ડેકોરેશન સાથે લાઈટિંગ અને સાઉન્ડના વ્યવસાયને પણ મોટો લાભ મળ્યો હતો. ગણેશ મંડપોમાં દરરોજ ફૂલહાર અને ફૂલોથી શણગાર કરવામાં આવતો હોવાથી ફૂલોના વેપારીઓ તેમજ માળી સમાજના વ્યવસાયને પણ વેગ મળ્યો હતો. પ્રસાદમાં લાડુ, મીઠાઈ, વિવિધ વાનગીઓ તથા ૫૬ ભોગ માટે



કેટરિંગ અને મીઠાઈના વેપારીઓ પાસેથી મોટી માત્રામાં ખરીદી કરવામાં આવી હતી.

ગણેશ વિસર્જનના ૧૧ દિવસના હાલમાં બાર દિવસના આ કાર્યક્રમોને લઈ ડીજે, નાસિક ઢોલ, સાઉન્ડ સિસ્ટમ, વાહન વ્યવસ્થા અને ટ્રાન્સપોર્ટિંગના વ્યવસાયમાં પણ તેજી જોવા મળી હતી. અનેક ગણેશ મંડળો દ્વારા કાર્યકરો માટે એકસરખા રંગ અને ડિઝાઈનના કપડાં તૈયાર કરાવવાની સાથે ગિફ્ટ સહિતની ખરીદી કરવામાં આવી હતી. ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રને પણ ગણેશોત્સવ દરમિયાન મજુર વર્ગના લોકોને નોંધપાત્ર કામ મળ્યું હતું. ગણેશોત્સવ દરમિયાન મહિલાઓ માટે સાડી, જ્યારે પુરુષો અને બાળકો માટે વિવિધ પ્રકારના કપડાંની ખરીદીમાં પણ વધારો નોંધાયો હતો. આમ, ગણેશોત્સવની ઉજવણી સાથે સંકળાયેલા નાના-મોટા અનેક વ્યવસાયોને સીધો કે આડકતરો લાભ મળ્યો છે. ભારત દેશ તહેવારોનો દેશ તરીકે ઓળખાય છે અને વિવિધ તહેવારો દરમિયાન લોકો મોટી સંખ્યામાં ખરીદી કરતા હોય છે. જેના કારણે તહેવારો વેપાર-ધંધા માટે મહત્વપૂર્ણ સાબિત થાય છે. વાપી ટાઉન અને જીઆઈડીસી તથા ગ્રામ્ય વિસ્તારમાં પણ ગણેશ ચતુર્થીના પર્વ દરમિયાન થયેલી વિવિધ પ્રકારની ખરીદીને કારણે બજારમાં નાણાંની હેરફેર વધી હતી અને વેપારી વર્ગને રાહત સાથે વેપારમાં તેજીનો અનુભવ થયો હતો.વેપારીઓ તથા લોકોમાં થતી ચર્ચા મુજબ ગણેશોત્સવ દરમિયાન વાપી પંથકમાં આશરે ૫૦થી ૬૦ કરોડ રૂપિયાના માલસામાનનું વેચાણ થયું હોવાનું અનુમાન છે, જ્યારે ડેકોરેશન, કેટરિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ, લાઈટિંગ-સાઉન્ડ, ટ્રાન્સપોર્ટિંગ સહિતની સેવાઓને જોડવામાં આવે તો કુલ કારોબારનો આંકડો ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ હોવાની ચર્ચા છે. ગણેશોત્સવને કારણે વાપીના વેપાર-ધંધાને જાણે બુસ્ટર ડોઝ મળ્યો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees





Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com


કોળીવાડના રાજા, સરીબુજરંગ (ગણદેવી)


સમ્રાટ ઓફ વિઠ્ઠલનગર સોસાયટી, બીલીમોરા


સરદાર પટેલ યુવક મંડળ, એસ.વી. પટેલ રોડ, બીલમોરા


બીલીમોરાચા સમ્રાટ, ફ્રેન્ડગૃપ, બીલીમોરા


નવજીવન કલા ગણેશ મંડળ, બંદર રોડ બીલીમોરા

## વાંસદામાં સહાયક ઉપકરણ વિતરણ કેમ્પ યોજાયો

**નવસારી, તા. ૧૮ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત દેશભરમાં એકસાથે ૭૬ સ્થળો પર આયોજિત સામાજિક અધિકારિતા શિબિરના ભાગરૂપે નવસારી જિલ્લા વહીવટીતંત્ર તથા આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ALIMCO)ના સંયુક્ત ઉપક્રમે વાંસદા તાલુકાના ગંગપુર સ્થિત એમ.પી. કાપડિયા હાઈસ્કુલ ખાતે તા.૧૬ અને ૧૭ સપ્ટેમ્બર દરમિયાન બે દિવસીય વિશાળ વિતરણ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારની વિવિધ યોજનાઓ હેઠળ વાંસદા તાલુકાના અનેક દિવ્યાંગજનો તેમજ વરિષ્ઠ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પ દરમિયાન રાષ્ટ્રીય



વયોશ્રી યોજના હેઠળ કુલ ૭૬૬ લાભાર્થીઓને ૪,૦૫૨ સહાયક સાધનો/ઉપકરણો તથા એડીઆઈપી (ADIP) યોજના હેઠળ કુલ ૧૯૧ દિવ્યાંગ લાભાર્થીઓને ૩૨૧ સહાયક ઉપકરણોનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. એલિમ્કો (ALIMCO) દ્વારા પૂરા પાડવામાં આવેલા આ સાધનોથકી દિવ્યાંગોઅનેવરિષ્ઠ નાગરિકોને આત્મનિર્ભર બનાવી સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવાનો એક સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મામલતદાર, વાંસદા તથા તેમની ટીમે વિશેષ જહેમત ઉઠાવી સુચારુ વ્યવસ્થા ગોઠવી હતી. ઉલ્લેખનીય છે કે, વાંસદા તાલુકા બાદ આ મુજબના નિ:શુલ્ક સહાયક ઉપકરણ વિતરણ કેમ્પો આગામી દિવસોમાં જિલ્લાના અન્ય તાલુકાઓ જેવા કે જલાલપોર, નવસારી, ચીખલી અને ખેરગામ ખાતે પણ તબક્કાવાર આયોજિત કરવામાં આવશે, જેથી જિલ્લાના તમામ જરૂરિયાતમંદ દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો સુધી આ યોજનાઓનો લાભ પહોંચાડી શકાય.

## નવસારી 'કમલમ'માં રક્તદાન કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૮ :** દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની સેવાકીય ભાવના સાથે ઉજવણી કરવાના ભાગરૂપે નવસારી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુરુવારે જિલ્લા ભાજપ કાર્યાલય 'નમો કમલમ' ખાતે વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવસેવાના આ ઉત્તમ કાર્યમાં પક્ષના કાર્યકરો, હોદ્દેદારો તેમજ નગરજનોએ મોટી સંખ્યામાં જોડાઈને ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું અને વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય તેમજ સ્વસ્થ જીવન માટે



શુભકામનાઓ પાઠવી હતી.

આ સેવાકાર્ય પ્રસંગે નવસારીના મેયર અશોક ધોરાજીયા,જિલ્લા ભાજપ અધ્યક્ષ ભુરાલાલ શાહ, ધારાસભ્ય રાકેશ દેસાઈ, ધારાસભ્ય નરેશ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી નાયક તેમજ જીગરભાઈ સહિત ભાજપના તમામ અગ્રણીઓએ વિશેષ ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આગેવાનોએ સેવા પખવાડિયા અંતર્ગત યોજાયેલા આ કેમ્પમાં રક્તદાતાઓને બિરદાવી, રક્તદાન મહાદાનના સંકલ્પને ચરિતાર્થ કરવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બીલીમોરા પર્યુષણ પર્વે ભવ્ય રથયાત્રા નીકળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૮ :** બીલીમોરા શહેરના નવાપરા વિસ્તારમાં આવેલા શાંતિનાથ ભગવાન જૈન દેરાસરમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની વિવિધ ધાર્મિક આરાધનાઓ સાથે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પર્યુષણ પર્વ દરમિયાન ધાર્મિક વાતાવરણ વચ્ચે વ્યાખ્યાન, સ્વાધ્યાય, આરાધના તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થતાં જૈન શ્રાવક-શ્રાવિકાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ગિરનાર તીર્થોદ્ધારક પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના પ્રખર પ્રવચનકાર પ.પૂ. આચાર્ય શ્રી લલિત-ભસૂરીશ્વરજી મહારાજના સુશિષ્યા પ.પૂ. સાધ્વીજી શ્રી પ્રશમ-જ્ઞાશ્રીજી મહારાજ તથા પ.પૂ. સાધ્વીજી શ્રી નયન-જ્ઞાશ્રીજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના યોજાઈ હતી.

## વાંસદામાં પયુર્ષણ પર્વની ભક્તિમય ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૮ :** પયુષણ પર્વ નિમિત્તે વાંસદા ખાતે જૈન સમાજ દ્વારા ધાર્મિક અને ભક્તિમય માહોલમાં તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. વહેલી સવારથી જ જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ જૈન મંદિરે દર્શન અને પૂજા-અર્ચના માટે ઉમટી પડ્યા હતાં.

આ પ્રસંગે ભગવાનને શણગારેલા રથમાં બિરાજમાન કરી ભક્તિ ગીતો અને સંગીતના સથવારે નગરના વિવિધ મુખ્ય માર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા દરમિયાન નગરમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો. માર્ગમાં પોતાના આંગણે



શોભાયાત્રાનો રથ પહોંચતા અનેક પરિવારો દ્વારા રથની પૂજા-અર્ચના કરી શ્રદ્ધાપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભાયાત્રાના રથને વાંસદા જૈન સમાજના યુવાઓ દ્વારા હાથથી ખેંચવામાં આવ્યો હતો. વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી શોભાયાત્રામાં જૈન સમાજના અગ્રણીઓ, મહિલાઓ તેમજ નાના બાળકો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતાં. આ પાવન અવસરે તપસ્વીઓના સન્માન અને ધાર્મિક ભાવનાને કેન્દ્રમાં રાખીને યોજાયેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો જોડાયા હતા. નગરમાં ઠેરઠેર શ્રદ્ધાળુઓ દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## યહ વજન હૈ કિ કમ હોતા હી નહીં!

**મી**નાક્ષીબેનને ઘૂંટણમાં દુ:ખાવો થતો હતો. ઘણા વખતથી ડોક્ટરોને બતાવ્યું - સલાહ હતી કે તમારે ઘૂંટણ બદલાવવા પડશે. પણ, બહેનને બીક લાગતી હતી એટલે કંઈક ચૂર્ણ જેવું લેતાં હતાં ! તપાસ કરાવી તો ખબર પડી કે ચૂર્ણમાં તો સ્ટીરોઈડ્સની ગોળીનો ભૂકો છે. અને હા, મીનાક્ષીબેનને આ ચૂર્ણથી ઘૂંટણની તકલીફમાં રાહત હતી ! પણ, સ્ટીરોઈડનાં કારણે વજનમાં વધારો અને લોહીમાં સાકરનું પ્રમાણ વધુ આવવાનું શરૂ થઈ ગયું હતું !!

જયેશભાઈને જ્યારથી ખબર પડી કે વધારે વજન સ્વાસ્થ્ય માટે જોખમકારક છે, ત્યારથી નિયમિત ચાલવાનું, ભોજનમાં ફેરફાર નિષ્ણાતની સલાહ પ્રમાણે કરી જ નાખ્યાં હતાં. થોડો વખત તો વજન ઘટ્યું આશરે પાંચ - છ કિલો જેટલું, પણ પછી વજન ઘટવાનું બંધ થઈ ગયું. જયેશભાઈ તો કંટાળ્યા. કસરત - ભોજનમાં ફેરફાર થતાં શરૂઆતમાં ફાયદા પછી હવે કેમ વજન સ્થિર થઈ ગયું છે? નિષ્ણાંતની સલાહ લીધી તો ખબર પડી કે આને વેઈટ લોસ પ્લે યૂ કહેવાય, એટલે કે પાંચ - દસ ટકા જેટલું વજન ઘટે, પછી ત્યાં થોડોક સમય માટે સ્થિર થઈ જાય અને જયેશભાઈ જેવાની સોટી કરે ! જો તમે આ કસોટીમાં હારીને હથિયાર નીચે મૂકી ઘો, તો ફરીથી ઝડપથી વજન વધી જાય અને તમારી બધી જ મહેનત પાણીમાં જાય... વધારામાં, તમને ડિપ્રેશન પણ આવે.

હસમુખભાઈની કિડની બરોબર કામ નહોતી કરતી, માલતીબેનની થાઈરોઈડ ગ્રંથિ કામ ઓછું કરતી હતી, રાવજીભાઈનું હૃદય બેવાર હાર્ટએટેક આવી ગયા બાદ ઓછું કામ કરે છે, જ્યારે મુન્નાનુ લિવર... બીચારું કેટલો દારૂ સહન કરે... આખરે થાકીને એણે પણ કામ કરવાનું બંધ કરવાનું નક્કી કર્યું. આમ, આ બધામાં પણ વજન વધવાની અને સોજો ચડવાની ફરિયાદ તો ?...

આમ, જુદાં જુદાં કારણોસર વજન વધવાની સમસ્યા તો રહે, પણ પછી બીક લાગે, કેમ કે વધારે વજન એટલે ડાયાબિટીસ ટાઈમ - ટુ, બ્લડપ્રેશર, સ્ટ્રોક, હૃદયરોગ અને ઘણાં બધાં કેન્સર થવાનો હાઈ-વે જ છે ! હવે વજન ઘટાડવું જ છે એવો ભવ્ય મનોરથ કરીને આપણે જીમ જોઈન્ટ કરીએ અને ત્યાંના ઈન્સ્ટ્રક્ટરની સલાહ પ્રમાણે ખાવાનું શરૂ કરીએ. શરૂઆતમાં થોડા દિવસમાં સરસ પ્રતિભાવ આવે. દરરોજ સવારે વજન કરીએ અને વજનકાંટો જાણે આપણા મનોભાવ સમજતો હોય એમ ડાહ્યોડમરો થઈને રોજ થોડું થોડું વજન ઘટે છે એમ કહે ! આપણે રાજી થઈએ. પ્રોબ્લેમ થોડા વખત પછી શરૂ થાય - વજન છ - આઠ કિલો જેટલું ઘટે, આપણે મિત્રવર્તુળમાં, કુટુંબમાં આપણા વિજયની પતાકા લહેરાવી દઈએ, પણ થોડા વખત પછી વજનકાંટો વેરી ની જેમ વર્તે - જરા પણ વજન થટે છે એવું કહે જ નહીં.

થોડા દિવસ તો આપણે ખેંચીએ, નિષ્ણાતની સલાહ લઈએ તો કહે કાર્યક્રમ ચાલુ રાખો - ફળની આશા ન રાખો! ફળની આશા વગર આટલું મુશ્કેલ કાર્ય કરવું... આ તો પોતાના ઉપર વીતે તો જ ખબર પડે!

વજન થોડુંક ઘટલા પછી ત્યાં અટકી શા માટે જાય છે, જેને વેઈટ લોસ પ્લેટુ કહે છે. જેવું આપણે ઓછી કેલરીવાળો ખોરાક અને કેલરીનો વપરાશ કસરત દ્વારા વધારીએ, એટલે નેગેટિવ બેલેન્સ કેલેરીના ચોપડે આવે! અને આપણી શક્તિના એક્મો એ.ટી.પી.નો વપરાશ વધે અને નવા બનીને ન આવે એટલે શરીરની બચાવ-ક્રિયા કામે લાગે. મગજ - શરીર હવે શક્તિના બાકી રહેલા સ્ટોરને ગમે તે ભોગે બચાવવા તનતોડ મહેનત કરે અને આપણે ચરબીના થરને ઘટાડવાની. આમ, થટેલા એ.ટી.પી.ને બચાવવા માટે શરીર તરત જ એ.એમ.પી. કાઈનેઝ નામના મેસેન્જરને મોકલે, જે આપણાં મેટાબોલિઝમને સ્લો કરી નાખે. મેટાબોલિઝમ એટલે ખોરાકને શક્તિમાં ફેરવવાની કુદરતે કરેલી અદ્ભુત પ્રક્રિયા ! શરૂઆતમાં આપણું વજન ઘટવું હતું,

એનું કારણ હતું આપણા સ્ટોર -ગ્લાકોઝન, જે લિવર અને મસલ્સમાં સ્ટોર થયેલા હતા, એનો વપરાશ હવે ગ્લાયકોજન શરૂ થયો હતો. આ ગ્લાયકોઝનમાં પાણીના અણુઓ હોય છે, એટલે જ્યારે એ વપરાય એટલે પાણી પણ... અને આમ શરૂઆતનું વજન ઘટવું, શરીરમાંથી વાયા ગ્લાયકોઝન પાણીનું ઘટવું હતું... અને આ ગ્લાયકોઝનનો સ્ટોર થોડો વખત ચાલે એટલે જ હોય છે એટલે આ સમય પૂરો થાય એટલે... હજુ તમે કર્મ કરવામાં પ્રગતિશીલ જ છો, તો તમારી ચરબી અને થોડાક સ્નાયુઓ પણ વપરાશે. જેમ જેમ સ્નાયુઓ વપરાય - ઘટે, એટલે મેટાબોલિઝમ



થટે, કેમ કે સ્નાયુઓની ક્રિયા થણી બધી કેલરી બાળે છે. અને આમ, ધીમું મેટાબોલિઝમ તમારી વજન થટાડવાની પ્રક્રિયાને પણ ધીમી બનાવે છે. આમ, જેટલી કેલેરી, ભલે ઓછી, એટલી જ કેલેરી શરીર બાળે એની કાળજી મગજ લે છે! અને તમારી વજન ઘટાડવાની પ્રક્રિયાને ધીમી પાડે છે પ્રબંધ કરી દે છે !

હવે જો આ યુદ્ધમાં તમારે જીતવું જ હોય, તો તમારે કસરત કરવાનો સમય અને ઈન્ટેન્સિટી વધારવી પડે તેમજ હજુ ઓછી કેલેરીવાળો ખોરાક લેવો પડે.



**ડૉક્ટર કહે છે**
**- ડો. યોગેશ વેલાણી**

હવે આ યુદ્ધમાં તમારે તમારા દુશ્મનોને ઓળખવા પડે. સૌપ્રથમ, તમારી ઉંમર જો તમે ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના છો, તો તમારું મેટાબોલિઝમ હવે ધીમું ચાલે, તમારા સ્નાયુઓ નબળા પડે (આ કારણે પણ મેટાબોલિઝમ ધીમું થાય) તેમજ હાડકાં નબળાં પડે. તમે ખોરાકમાં લીધેલી કેલેરીમાંથી મસલ્સ ઓછી કેલેરી બાળે એટલે તમારી પાસે કેલેરીનો બચાવ થાય, જે આખરે તમારું વજન વધારે હોમોન્સના ફેરફાર. નાનાં બાળકમાંથી કિશોર અવસ્થા અને યુવાનીમાં તમે જોયું હશે કે ઓચિંતાના જ એમનું વજન, ઊંચાઈ વધવા માંડે અને મસલ્સ માસ પણ વધે. ગર્ભાવસ્થા વખતે પણ હોર્મોન્સનાં કારણે વજન વધે તેમજ મેનોપોઝ વખતે ઈસ્ટ્રોજનની ઊણપ તમારું વજન વધારે (સ્ત્રીઓનું) અને એન્ડ્રોપોઝ વખતે ટેસ્ટોસ્ટિરોન હોર્મોન્સની ઊણપ પુરુષોમાં વજન વધારે, ખાસ કરીને 'ફાંદ' ! સ્ટ્રેસ વખતે શરીરમાં કોર્ટિસોલનું લેવલ વર્ષ, જે લોહીમાં શુગરનું પ્રમાણ વધારે. ઈન્સ્યુલીનની માત્રામાં વધારો અને ચરબીના જથ્થામાં વધારો થાય.

**સ્ટ્રેસ**

થયા પછી થશાની ફાંદ વધતી તમે જોઈ હશે. કસરતનો અભાવ અને ખોરાકમાં મેંદો અને સાકરવાળા પીશાનો વધારો, જેમાં ચા પણ આવી જાય તેમજ આલ્કોહોલનો વપરાશ.

### ઓછી ઊંઘ

ઊંઘ દરમ્યાન શરીર વધારાની એનર્જી સ્ટોર કરે છે. જો પૂરતી ઊંઘ ન મળે તો શરીર ખોરાકમાં વધારે કરીને એનર પૂર્તિ કરે છે, જે ક્યારે વધુ થઈ જાય છે! તેમજ ગ્રેબીન, જે ભૂખ લગાડનારું હોર્મોન્સ છે, એમાં વધારો તથા લેપિન, જે સંતોષનું હોર્મોન્સ છે, એમાં ઘટાડો - ઓછી ઊંઘથી થાય છે.

ક્યારેક તમે સ્મોકિંગ - ધૂમ્રપાનને છોડી દ્યો છો. નિકોટીન, જે તમારી ભૂખને ઓછી કરનારું કેમિકલ છે, એનો અભાવ તમારી ભૂખને ઉત્તેજિત કરે છે. અનિયમિત ડાયેટિંગ કરો અથવા ક્યારેક ઉપવાસ કરો -આને લીધે ત્યારે તો વજન ઘટી જાય છે, પણ પછી મૂળ વજન કરતાં પણ વધી જાય છે. વેજન ઘટવાનું અમુક તબક્કા પછી અટકી કેમ જાય છે? આપણાં શરીરનું વજન ઘટાડવાના નડે છે વેઈટ લોસ્ રીતે પરાર તાપમાન ૩૭ સે. છે. કોઈપણ કારણોસર બહારનું તાપમાન ઘટે કે વધે તો શરીરને પરસેવા વડે ઠંડુ કરીને કે ધ્રુજારીથી ગરમી પેદા કરીને એ જ સેટ પોઈન્ટ તાપમાન પર રાખે છે. એવી જ રીતે, વજન - ચરબીનો પણ સેટ પોઈન્ટ હોય છે. એમાં પાંચ દસ ટકા જેટલી વધ-ઘટ થઈ શકે છે, પણ પછી શરીર વધુ વધ-ઘટને રોકે છે.

વજનના આ સેટ પોઈન્ટને તમારે ક્રોસ કરવું હોય તો તમારે રાહ જોવી પડે કે જેથી નવો સેટ પોઈન્ટ, જે પહેલાં કરતાં નીચો હોય, એ અસ્તિત્વમાં આવે. આ સેટ પોઈન્ટ થીઅરી કહે છે કે માનવશરીરમાં

જિનેટિકલી પહેલાંથી નક્કી થયેલાં વજન અને ચરબીનાં પ્રમાણને એક સેટ પોઈન્ટ હોય છે, જે વજન ઘટે તો યુદ્ધમાં આપણને - પ્લેટુ - આને કઈ રસ્ત કરવો ?

મેટાબોલિઝમને ધીમું કરીને ભૂખને વધારીને પણ સેટ પોઈન્ટની નજીક જ તમને રાખે છે. જો કે, આ થીયરીને ઘણા પડકારે પણ છે એમ કહીને કે તમારી લાઈફ સ્ટાઈલ, જે વાતાવરણમાં તમે રહો છો તેમજ તમારો ખોરાક, ઊંઘ અને સ્ટ્રેસ પણ એમાં અગત્યનો ભાગ ભજવે છે. અને એટલે જ, મસલ્સ મજબૂત બને એવી કસરતો, સરસ ઊંઘ, સ્ટ્રેસ તેમજ ખોરાકમાં ઓછી કેલેરી-આ બધું જ જો ધીરજ સાથે કરવામાં આવે, તો લાંબે ગાળે એસ.આઈ.પી.ની જેમ રિઝલ્ટ સારું મળે જ છે.

વજન ઘટવાનું આ પ્લેટુ આઠથી દસ અઠવાડિયાં જેટલા સમય સુધી તમારી પરીક્ષા લે છે. જો તમે એમાં ધીરજવાન સાબિત થાવ તો પછી આ પ્લેટુ પોતાનાં હથિયાર નીચાં મૂકી બીજા સેટ પોઈન્ટ માટે તૈયાર થઈ જાય છે. જો કે, આ લાં...બો સમયગાળો વ્યક્તિને હતોત્સાહ કરવા માટે પૂરતો હોય છે! જો કે, જેને દરિયામાંથી મોતી ગોતવાં હોય, એણે ધીરજ તો રાખવી જ પડે અને કોશિશ કરવી જ પડે!

આ વેઈટ લોસ પ્લેટુને હરાવવા શું શું કરી શકાય ? અને આપણું ઈચ્છિત વજન મેળવી શકાય ? તમે જુઓ કે ભોજનમાં તમે શું શું લ્યો છો ? ઝડપથી જમીને તમે ખરેખર ઓછું જમો છો કે પછી તમારી જાતને જ છેતરો છો ? બજારનું તૈયાર, પ્રોસેસ્ડ ફૂડ અને સાકરવાળા શરબત - તૈયાર પીશા ઉપર કાપ મૂકો, તમારાં ભોજનમાં પ્રોટીનને પ્રાધાન્ય આપો, જેને પચતા વાર લાગે છે. જેથી લાંબા સમય સુધી પેટ ભરેલું હોય એવું લાગે છે તેમજ પ્રોટીન શરીરમાં સ્ટોર થતું નથી, ફેટમાં રૂપાંતરિત થતું નથી. ફાઈબરનું પ્રમાણ ૨૦ - ૩૦ ગ્રામ જેટલું રાખો. (દરરોજની તમે ૨૦૦૦ કેલેરી લેતા હો તો...) વજન ઘટાડવા માટે ભોજનમાં ઓછી કેલેરી લ્યો અને છતાં તમારું પેટ ભરેલું લાગવું જોઈએ. કસરત જે કરતા હો, એની સાથે મસલ્સ મજબૂત બંને એવી કસરત પણ ઉમેરો. રોજિંદા કામ એવી રીતે કરો કે જેથી તમારું મેટાબોલિઝમ ધીમું પડે જ નહીં. દાદરા ચડવા (લિફ્ટનો ઉપયોગ ટાળો), નજીક જ જવું હોય તો ચાલીને જ જાવ, બાળકો જોડે બગીચામાં જાવ, એની સાથે રમો, કૂતરાને ફેરવવા લઈ જાવ ત્યારે એની સાથે દોડો, ઓફિસમાં, ઘરમાં પણ દર કલાકે કંઈક પ્રવૃત્તિ ફિઝિકલ એક્ટિવિટી કરો. જો તમારું મેટાબોલિઝમ આખો દિવસ ચાર્જ્ડ રહેશે, તો કેલેરી બર્ન થશે જ.

કેલેરીનાં બેલેન્સ શીટમાં સૌથી વધુ ૬૦ ટકા છે ભી.એમ.આર. (તમે કંઈ ન કરો તો પણ તમારી કેલેરી બળે, જેમ કારને સ્ટાર્ટ કરીને એને ન્યુટ્રલમાં જ રાખીએ તો પણ એ ઈંધણ ભાળશે જ, એને કારનું બી.એમ.આર. કહેવાય!)

ત્યારબાદ આર્વે કસરત અને રોજિંદા જીવનમાં તમે કેટલા એક્ટિવ છો (દરરોજ કરાતી કસરત સિવાય) તમે લીધેલાં ભોજનને પચાવવા માટે શરીરને ભાળવી પડતી કેલેરી અને જમા પક્ષે છે તમે લીધેલી ગણતરી કરેલી કેલેરી

**નડે છે વજન મનનાં અને ઘટાડીએ છીએ શરીરનાં, જેમ નડે છે કર્મ આપણાં, દોષ કાઢીએ છીએ ગ્રહના...**

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૯-૦૯-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** શ્રાવણ, આઠમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૧ **સૂર્યાસ્ત** ૦૬ :૩૫, **ચંદ્રોદય** - ૦૧:૪૬ **ચંદ્રાસ્ત** - ૧૨:૨૪ **ચંદ્ર રાશિ :** ધન, **નક્ષત્ર** - મૂળ

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે કામકાજમાં નવી તક મળી શકે છે અને ઉત્સાહ વધશે. પરિવાર સાથે સમય પસાર કરવાથી મન પ્રસન્ન રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજે અટકેલા કામો પૂર્ણ કરવાની તક મળશે. નોકરી કે વ્યવસાયમાં તમારી મહેનતનું સારું પરિણામ મળી શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજે નવા લોકો સાથે સંપર્ક વધશે અને મહત્વપૂર્ણ વાતચીત થઈ શકે છે.

**કર્ક (ડ, હ) :** આજે પરિવાર સંબંધિત કોઈ સારા સમાચાર મળી શકે છે. કામમાં જવાબદારીઓ વધે તો શાંતિથી તેને સંભાળવી.

**સિંહ (મ, ટ) :** આજે આત્મવિશ્વાસ વધશે અને નવા કામ શરૂ કરવાની ઈચ્છા થશે. વ્યવસાયમાં આયોજનપૂર્વક આગળ વધવાથી લાભ મળી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** પૈસાની લેવડદેવડમાં સાવચેતી રાખવી. પરિવારની મદદ અને સહયોગ મળશે. સ્વાસ્થ્ય માટે નિયમિત ખોરાક અને આરામ જરૂરી છે.

**તુલા (ર, ત) :** આજે કાર્યસ્થળે સહકર્મીઓનો સહયોગ મળી શકે છે. વ્યવસાયિક વાતચીતમાં ધીરજ રાખવાથી સારો માર્ગ મળી શકે છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજે કોઈ જૂનું કામ ફરીથી ધ્યાનમાં આવી શકે છે અને તે પૂર્ણ થઈ શકે છે. નાણાકીય બાબતમાં વિચારપૂર્વક નિર્ણય લેવો યોગ્ય રહેશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે નવી યોજના બનાવવાનો સારો સમય છે. નોકરી કે વ્યવસાયમાં આગળ વધવા માટે નવા વિચારો આવશે.

**મકર (ખ, જ) :** આજે જવાબદારીભર્યા કામમાં સફળતા મેળવવા માટે સતત પ્રયત્ન જરૂરી રહેશે. નાણાકીય સ્થિતિમાં ધીમે ધીમે સુધારો થઈ શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે સર્જનાત્મક વિચારો તમને કામમાં આગળ લાવી શકે છે. મિત્ર અથવા સહકર્મી તરફથી મહત્વપૂર્ણ મદદ મળી શકે છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મનમાં નવી આશા અને સકારાત્મકતા રહેશે. કામકાજમાં ધીરજ રાખવાથી ઈચ્છિત પરિણામ તરફ આગળ વધી શકશો.

## દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ   નં.૬૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

## વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે વાપી-વલસાડ-ધરમપુર-પારડી-ઉમરગામમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

## રોલામાં મહિલા રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા અને અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જન્મદિવસના શુભ અવસરે પરમ ફાર્મ, રોલા માં મહિલા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં માત્ર મહિલાઓનું જ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. કુલ ૧૮૧ બહેનોએ આ વિશેષ કેમ્પમાં રક્તદાન કરી મોદીને જન્મદિવસની શુભકામના પાઠવી હતી. કાર્યક્રમને બ્રહ્માકુમારી રીટાદીદીએ દિપ પ્રાગટ્ય કરીને શુભારંભ કરાવ્યો હતો. દરેક રક્તદાતા બહેનોને ટ્રોલી બેગ અથવા બ્લેન્કેટ ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધરમપુર ના ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી સોનલબેન સોલંકી, સાંસદ ધવલભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ, જિલ્લા યુવા મોરચા મહામંત્રી, જિલ્લા ઓબીસી મોરચા મહામંત્રી આનંદભાઈ પટેલ, વલસાડ નગરપાલિકા પ્રમુખ, શાસક પક્ષના નેતા, વલસાડ તાલુકા ભાજપ -મુખ ઉપપ્રમુખ કિન્નરીબેન શ્રોફ, તાલુકા પંચાયત સભ્ય, શહેર ભાજપ ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન કેમ્પ ને સફળ બનાવવા વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ પ્રવિણાબેન પટેલ તથા એમની ટીમે ખુબ જ મહેનત કરી હતી.

## વાપીમાં લાયન્સ બ્લડ બેંક દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ભાજપ પારડી વિધાનસભા, એન્જિનિયર્સ એસોસિએશન ઓફ વાપી, લઘુ ઉદ્યોગ ભારતી - વલસાડ ડિસ્ટ્રિક્ટ અને વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના ૭૬માં જન્મદિવસ ના શુભ અવસર પર વાપી જી. આઈ. ડી. સી. સ્થિત ભૂરીબેન પોપટ લાખા લાયન્સ બ્લડ બેંક ખાતે ભવ્ય રક્તદાન કેમ્પ (Blood Donation Camp) નું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ રક્તદાન શિબિરને સ્થાનિક ધારાસભ્ય અને ગુજરાતના નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા દીપ પ્રજ્વલિત કરી શુભારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે વલસાડ જીલ્લા લઘુ ઉદ્યોગ ભારતી ના અધ્યક્ષ મેહુલભાઈ પટલ અને તેમની વાપી એકાઈની ટીમ સહીત વાપી અને આસપાસના નામી અનામી મહાનુભાવો હાજર રહ્યા હતા, આ રક્તદાન કેમ્પમાં ૨૦૧ યુનિટ રક્ત એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, જેની સામે કુલ ૨૦૨ યુનિટ ભેગું કરવામાં આયોજકોએ સફળતા મેળવી હતી.

## પારડીમાં યજ્ઞ અને રક્તદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** પારડી ગજાનંદ રેસીડેન્સીમાં આવેલ પવિત્ર જગન્નાથજી સુભદ્રા માતા બલરામજી મહારાજના મંદિરમાં આજરોજ સુદર્શન ચક્ર યજ્ઞ અને રક્તદાન કરી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશભાઈ પટેલ અને એમના ધર્મ પત્ની અનિતાબેન પટેલ એમના દીકરા બોની પટેલ સહિત પરિવારજનો અને શહેરીજનો ભેગા મળીને સુદર્શન ચક્ર યજ્ઞ કર્યો હતો અને ગણપતિ બાપા સહિત તમામ દેવી-દેવતાઓનું પૂજન કર્યું હતું સાથે ભગવાનને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આયુષ્ય લાંબુ થાય અને લોકો ને વધુ સેવાનો લાભ મળી શકે દેશના લોકો સુખી થાય સમૃદ્ધિ મળે દેશના લોકો આગળ વધે પ્રગતિ થાય એવી પ્રાર્થના કરવામાં આવી ત્યારબાદ વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી રક્તદાન કેમ્પ કરવામાં આવ્યો હતો જે કેમ્પમાં વિશાળ સંખ્યામાં યુવાનો ભાઈ બહેનોએ રક્તદાન કર્યો હતો જેમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલભાઈ પટેલ સહિત જિ.પં. સદસ્ય, ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, અરવિંદભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રી સહિત વિશાળ સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ધરમપુરના રક્તદાન કેમ્પમાં ૧૨૧ યુનિટ રક્ત એકત્ર થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ધરમપુરના મહારાણા પ્રતાપ હોલ ખાતે આ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન કુલ ૧૨૧ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આયોજકો દ્વારા રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપરાંત લકી ડ્રોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોબાઈલ, ટીવી, ફ્રિજ, સાયકલ, કપલ વોચ, સ્પીકર અને મિક્સર મશીન સહિતના આકર્ષક ઈનામો માટે રક્તદાતાઓને તક આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ અમિતભાઈ ચોરેરા, મહેન્દભાઈ ચૌધરી, શહેર મહામંત્રી જીગ્નેશ કાપડિયા, અક્ષય ચૌધરી, નગરપાલિકા પ્રમુખ મયંક મોદી, પાલિકાના ઉપપ્રમુખ ઉમાબેન ભોયા, કારોબારી અધ્યક્ષ મહેશ ગાયકવાડ, બાંધકામ સમિતિના ચેરમેન સમીપ રાંચ, શિક્ષણ સમિતિના ચેરમેન નરેશ પટેલ, ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેન હિતેશ રાઠોડ, નગરપાલિકા સભ્યો હિરેન પટેલ, રક્ષાબેન જાદવ, ભક્તિબેન કાપડિયા, દીપિકા પટેલ, દીપમાલા ચોનકર, પીન્કી બેન,શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના મહેશભાઈ ખોખાણી, યુવા મોરચાના સૌરભભાઈ માહલા, હરદીપસિંહ રાવલ સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કલગામ હનુમાન મંદિરે 'આશીર્વાદના દીવડા'નો ભવ્ય કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ઉમરગામ તાલુકાના પ્રસિદ્ધ રાયણીવાલા હનુમાન મંદિર ખાતે 'આશીર્વાદના દીવડા' કાર્યક્રમનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાનજી મહારાજના પાવન સાનિધ્યમાં દીવડા પ્રગટાવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ, સારા સ્વાસ્થ્ય અને યશસ્વી જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, વલસાડ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શૈલેષભાઈ સહિત તાલુકા, શહેર અને જિલ્લા ભાજપના વિવિધ હોદ્દેદારો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં નગરજનો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રાયણીવાલા હનુમાન મંદિર ખાતે આયોજિત આ કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વાતાવરણ વચ્ચે દીવડા પ્રગટાવી વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ હનુમાનજી મહારાજના આશીર્વાદ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લાંબા આયુષ્ય અને દેશની સેવા માટે તેમને શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી હતી. કાર્યક્રમમાં ભાજપના આગેવાનો અને કાર્યકરો ઉપરાંત મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાતા સમગ્ર મંદિર પરિસર ભક્તિભાવ અને ઉત્સાહના માહોલથી છલકાઈ ઉઠ્યું હતું. 'આશીર્વાદના દીવડા' કાર્યક્રમ દ્વારા વડાપ્રધાનના જન્મદિવસને ધાર્મિક અને સેવાભાવના માહોલ સાથે ઉજવવામાં આવ્યો હતો.

## વાપી હરિયા હોસ્પિટલમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે તેમને શુભેચ્છા આપવા ના હેતુથી હરિયા હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી તથા પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈની આગેવાની હેઠળ વાપી જી આઈ ડી સી હરિયા હોસ્પિટલ કેમ્પસ તેમજ આસપાસના જાહેર વિસ્તારોમાં સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, વાપી વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ, હરિયા રોટરી હોસ્પિટલના ટ્રસ્ટી ભરતભાઈ પટેલ સહિત સંગઠનના કાર્યકર્તાઓ, શુભેચ્છકો અને હોસ્પિટલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અભિયાન દરમિયાન હોસ્પિટલ પરિસર તથા જાહેર જગ્યાઓની સફાઈ કરી સ્વચ્છતા જાળવવા અંગેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ડુંગરામાં હજારો દીપ પ્રગટાવાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તો વાપી મહાનગરપાલિકાના ડુંગરા ખાતે આવેલા બુલેટ ટ્રેન સ્ટેશન નજીક ભાજપના કાર્યકર્તાઓ દ્વારા વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. સાંજે ૭ વાગ્યે યોજાયેલા આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં દીપ પ્રગટાવી વડા-ધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે ભાજપ અગ્રણી તથા ઉમરગામ ભાજપ સંગઠનના પ્રભારી પરેશભાઈ દેસાઈ, વાપી નગરપાલિકાના માજી પ્રમુખ પંકજભાઈ પટેલ, નિલેશભાઈ રાઠોડ, પ્રકાશભાઈ તંબોલી, વાપી શહેર ભાજપ સંગઠનના મહામંત્રી હાર્દિકભાઈ પટેલ, દર્પણભાઈ પટેલ, સુમિતભાઈ દેસાઈ, મહેશભાઈ પટેલ તેમજ નાથુભાઈ પટેલ સહિત ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ઉજવણી કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

## રાતા ખાડી સ્મશાનભૂમિ ખાતે શ્રમદાન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૮ :** આજરોજ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ના નેતૃત્વમાં રાતા ખાડી ખાતે આવેલ સામુહિક સ્મશાનભૂમિ ખાતે વિશેષ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રીના સેવા પખવાડિયા અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં સ્મશાનભૂમિ પરિસરની સફાઈ અને સુશોભન કરીને સ્વચ્છતા અને પર્યાવરણ જતનનો એક સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

જેમાં જિલ્લા પંચાયત સદસ્ય મિતેષભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલ, નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ મનિષાબેન પટેલ, તાલુકા પંચાયત દંડક વિજય પટેલ તેમજ તાલુકા પંચાયત સદસ્ય ભદ્રેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક સરપંચ, તાલુકા વિકાસ અધિકારી સહિતના સરકારી અધિકારીઓ અને સ્થાનિક ગ્રામજનોએ ઉત્સાહભેર શ્રમદાન આપી પરિસરને સ્વચ્છ બનાવ્યું હતું.

## વલસાડ એસટી ડેપો ખાતે સ્વચ્છતા અને દર્દીઓને ફ્રુટ વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ શહેર ભાજપ પ્રમુખના નેતૃત્વ હેઠળ સેવા પખવાડિયા અંતર્ગત જાહેર સ્થળોની સફાઈ અને દર્દીનારાયણની સેવાનો સંકલ્પ સાકાર કરવામાં આવ્યો હતો,?આ અભિયાન અંતર્ગત પ્રથમ ચરણમાં વલસાડ એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ભાજપના આગેવાનો અને કાર્યકરોએ હાથમાં ઝાડુ લઈ બસ સ્ટેશન પરિસરની સફાઈ કરી લોકોને સ્વચ્છતા જાળવવાનો સંદેશો આપ્યો હતો, ત્યારબાદ, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પિટલ ખાતે પહોંચીને ત્યાં સારવાર લઈ રહેલા દર્દીઓના ખબરઅંતર પૂછ્યા હતા અને તમામને પૌષ્ટિક ફ્રૂટ પેકેટનું વિતરણ કર્યું હતું.

આ સેવાકીય કાર્યક્રમોમાં વલસાડ નગરપાલિકાના પ્રમુખ, શહેર સંગઠનના પદાધિકારીઓ, વલસાડ નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ, ચૂંટાયેલા કાઉન્સિલરો, મોરચાના હોદ્દેદારો તેમજ ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી સેલ્યૂટ તિરંગા દ્વારા વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ગુજરાત પ્રદેશ સેલ્યૂટ તિરંગા દ્વારા સેલ્યૂટ તિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલના નેગજુ રાત પ્રદેશ સેલ્યટુ તરંગા દ્વારા રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમ ંભાઈ પટેલના નેજા હઠેળ વાપી સેલ્યૂટ તિરંગા દ્વારા આયોજનાર આ કાયયક્રમમાં વક્ષારોપણ, દમણ દિવના પ્રમખુ સુભાષ ભાઈ પટેલ, ગુજરાત પ્રાતના મહામંત્રી પિયુષભાઈ શાહ, હિતેશભાઈ પુનમિયા, રાજેશભાઈ નાવી, ગૌતમભાઈ, દિનેશભાઈ, મગનભાઈ મહારાજની હાજરીમાં ંવક્ષારોપણ કર્યું હતું.

## વાપીમાં ઇમરાનનગરથી ગાંધી સર્કલ સુધી રોડ પર કીચડથી લોકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીના હજારો વાહન ચાલકો માટે આશાનું કિરણ સમાન વાપી-દમણ રોડ પર ૧૪૦ કરોડના ખર્ચે ૪ વર્ષ પહેલા જૂનો બ્રિજ તોડી નવા ઓવરબ્રિજનું કામ શરૂ કરાયું હતું. અનેક કારણોસર કામ ટલ્લે ચડ્યા બાદ છેલ્લા થોડા દિવસોથી કામે ફરી વેગ પકડ્યો છે. ઓવરબ્રિજનું કામ શરૂ થતા ઈમરાનનગરથી ગાંધી સર્કલ સુધીનો બંને તરફનો રોડ લાંબા સમયથી બંધ કરી દેવાયો હતો, જે હાલ વાહન વ્યવહાર માટે ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. પરંતુ બ્રિજના પિલર ઉભા કરવાની કામગીરી દરમિયાન બંને તરફના રોડ સંપૂર્ણ ઉખડી ગયા છે. હાલ વરસાદને કારણે રોડ પર કીચડ અને મોટા ખાડાની ભરમાર જોવા મળી રહી છે. ખાડામાં પાણી ભરાઈ જતા અંદાજ આવતો નથી, જેના કારણે ખાસ કરીને નાના વાહન ચાલકોની હાલત અત્યંત કફોડી બની છે અને અકસ્માતનો ભય સતત રહે છે. આ માર્ગ પર તાત્કાલિક ધોરણે ખાડા પૂરીને જેસીબીથી સમતલ કરવામાં આવે તેવી વાહન ચાલકોમાં માંગ ઉઠી છે.

## દમણમાં કિશોરીઓ માટે કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૮ :** -ધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે દેશભરમાં ચાલી રહેલા '૨૫ વર્ષ સેવા' અભિયાન અંતર્ગત દમણમાં કિશોરીઓના આરોગ્ય અને કેન્સર નિવારણને લઈને HPV રસીકરણ તથા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ.

દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રશાસન દ્વારા ગૌતમ બુદ્ધ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સંઘ પ્રદેશોના પ્રશાસક પ્રફુલ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૧૪ વર્ષની વયની કિશોરીઓને હ્યુમન પેપિલોમાવાયરસ (HPV)ની રસી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય નિષ્ણાતોએ કિશોરીઓને HPV સંક્રમણ, સર્વાઇકલ કેન્સરથી બચાવ, HPV રસીકરણનું મહત્વ તેમજ કેન્સરથી બચવા માટેની સાવચેતીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કિશોરીઓને સમયસર રસીકરણ કરાવવા અને આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવા માટે પ્રેરિત કરવામાં આવી હતી.'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી વિવિધ જનસેવા અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## દેવકા 'દેવભૂમીના રાજા' ગણેશ મંડળમાં આરોગ્ય શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**દમણ, તા. ૧૮ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે નાની દમણ દેવકા રોડ સ્થિત દેવભૂમિનો રાજા ગણેશ પંડાલ ખાતે સેવા અને આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે નાગરિકો માટે નિઃશુલ્ક આંખોની તપાસ અને હિમોગ્લોબિન (Hb) તપાસ કરવામાં આવી હતી. તેમજ જરૂરિયાતમંદ લોકોને નિઃશુલ્ક ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય શિબિરમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, ધરમપુરની મેડિકલ ટીમે સેવાઓ આપી હતી.

આ ઉપરાંત આરોગ્ય ક્ષેત્રે સમર્પિત સેવાઓ બદલ નમો હોસ્પિટલ, દમણના ડોક્ટરો, નર્સિંગ અધિકારીઓ અને આરોગ્યકર્મીઓને દમિની વુમન્સ ફાઉન્ડેશન તરફથી પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ડૉ. અંજલિ ભંડારી, ડૉ. શિવાની પટેલ, નિરંજના ટંડેલ, અર્ચના જોશી, બેલા જોશી અને કલ્પના મહેતાનો સમાવેશ થાય છે.

વાર્ડ નંબર ૯ના કાઉન્સિલર અને દમિની વુમન્સ ફાઉન્ડેશનના સ્થાપક-અધ્યક્ષ સિમ્પલ કટેલાએ તમામ ડોક્ટરો, નર્સિંગ અધિકારીઓ, આરોગ્યકર્મીઓ તથા મેડિકલ ટીમનો સેવાઓ અને સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આ આરોગ્ય શિબિરનું આયોજન દેવભૂમિનો રાજા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું. વડા-ધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી જનસેવા અને આરોગ્યસેવાના માધ્યમથી કરી જરૂરિયાતમંદ લોકો સુધી આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## નાનીચણવઈના યુવાનો દ્વારા ૧૫ વર્ષથી વિનામૂલ્યે શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** ગણેશોત્સવ દરમિયાન ભક્તિ અને શ્રદ્ધાના અનોખા સંગમ વચ્ચે નાની ચણવઈ ગામના યુવાનો સેવાની ઉત્તમ મિસાલ પેશ કરી રહ્યા છે. નાની ચણવઈ સ્થિત 'શ્રી માં ભવાની મિત્ર મંડળ' દ્વારા વર્ષ ૨૦૧૦થી અતુલ સ્થિત પારનદી કિનારે શ્રીજીની પ્રતિમાઓનું સંપૂર્ણ વિનામૂલ્યે વિસર્જન કરવાની પ્રશંસનીય સેવા અવિરત ચલાવવામાં આવી રહી છે.

ગણેશ મહોત્સવ દરમિયાન ભાવિક ભક્તો પોતાની શ્રદ્ધા અનુસાર દોઢ, અઢી, પાંચ, સાત, નવ તેમજ અનંત ચતુર્દશીના પાવન દિવસે બાપ્પાની મૂર્તિનું વિસર્જન કરવા પારનદી ખાતે પહોંચે છે. આ તમામ દિવસો દરમિયાન મંડળના આશરે ૩૫ જેટલા ઉત્સાહી અને સેવાભાવી યુવાનો ખડેપગે હાજર રહે છે. નદીમાં પાણીના ધસમસતા પ્રવાહ કે ઊંડાણની પરવા કર્યા વગર આ યુવાનો શ્રદ્ધાળુઓની નાનીથી લઈને વિશાળકાય મૂર્તિઓને સંપૂર્ણ ધાર્મિક વિધિ અને આદરપૂર્વક ઊંડા પાણીમાં વિસર્જિત કરે છે. છેલ્લા દોઢ દાયકાથી ચાલી આવતી આ અવિરત સેવાને કારણે સમગ્ર પંથકમાં શ્રી માં ભવાની મિત્ર મંડળના યુવાનોની ખૂબ સરાહના થઈ રહી છે અને તેમની આ નિઃસ્વાર્થ કામગીરી અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.

## વાપી થર્ડ ફેઝમાં પાંચમા દિવસે ગણપતિનું વિસર્જન થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વાપી, તા. ૧૮ :** વાપી જીઆઈડીસી થર્ડ ફેઝના કોચરવા-વેરિયાવાળ વિસ્તારમાં આવેલા શ્રી મહાફલેશ્વર મંદિર ખાતે હરિ ઓમ મિત્ર મંડળ તથા મંદિરના ટ્રસ્ટી ધીરુભાઈ અને તેમની ટીમના સહયોગથી પાંચ દિવસીય ગણપતિ મહોત્સવનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. પાંચમા દિવસે ગણપતિજીની વિધિવત પૂજા-અર્ચના કર્યા બાદ ભક્તોએ ઢોલ-નગારાના તાલે અને 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષ સાથે ગણપતિજીને ભાવભીની વિદાય આપી હતી. ભક્તિમય વાતાવરણ વચ્ચે ગણપતિજીનું ભવ્ય વિસર્જન કરવામાં આવ્યું હતું. સમગ્ર મહોત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.


## સેલવાસમાં ભંડારી સમાજનો બીજો સ્નેહ મિલન સમારોહ યોજાશે

**વાપી, તા. ૧૮ :** સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલીમાં વસતા ભંડારી સમાજના પરિવારો દ્વારા સંગઠિત દાનહ-સેલવાસ ભંડારી સમાજનો બીજો સ્નેહ મિલન સમારોહ અને તેજસ્વી તારલાઓના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રવિવારે સવારે ૯ થી ૨.૦૦ કલાક દરમિયાન સેલવાસ સ્થિત ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ કેમ્પસના હોલ ખાતે યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે દીપીનભાઈ એ. જાદવ, સેલવાસ તથા નિલયભાઈ પટેલ, મધુબન-કરાડ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત હર્ષદભાઈ પટેલ, વિજયભાઈ પટેલ, બ્રિજેશભાઈ પટેલ અને પ્રતિકભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન દાનહ-સેલવાસ ભંડારી સમાજના પ્રમુખ એડવોકેટ પંકજકુમાર એન ભંડારી, સેક્રેટરી દીપકભાઈ જી. પટેલ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# ગણપતયાર મંદિર - કાશ્મીરમાં ભગવાન ગણેશનું પ્રાચીન ધામ




વિતસ્તા નદીના કિનારે, શ્રીનગરના ઐતિહાસિક હબ્બા કાદલ વિસ્તારમાં આવેલું ગણપતયાર મંદિર કાશ્મીર ખીણમાં ભગવાન ગણેશને સમર્પિત એક આદરણીય અને પ્રાચીન ધામ છે. સદીઓથી આ મંદિર કાશ્મીરી પંડિત સમુદાય માટે ધાર્મિક આસ્થા અને સાંસ્કૃતિક સ્મૃતિનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે.

આ મંદિર અત્યંત પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. કેટલાક વિદ્વાનોએ આ વિસ્તારને ચીની બૌદ્ધ યાત્રી હ્યુએન ત્સાંગ દ્વારા ૭મી સદીમાં કાશ્મીરની મુલાકાત દરમિયાન ઉલ્લેખિત 'ગણેશ વિહાર' સાથે સાંકળ્યો છે. જોકે, આ ઓળખ પુરાતત્વીય પુરાવાથી સંપૂર્ણપણે સાબિત થયેલી નથી અને મુખ્યત્વે વિદ્વાનોના અર્થઘટન તથા સ્થાનિક પરંપરા પર આધારિત છે. તેમ છતાં, તે પ્રાચીન શ્રીનગરના આ વિસ્તારના લાંબા સમયથી રહેલા ધાર્મિક મહત્વ તરફ સંકેત આપે છે.

મંદિરના ઈતિહાસ સાથે જોડાયેલી એક રસપ્રદ લોકકથા આજે પણ જીવંત છે. ૧૮મી સદીમાં અફઘાન એટલે કે દુર્રાની શાસન દરમિયાન, ભગવાન ગણેશની પ્રાચીન પથ્થરની મૂર્તિને વિનાશથી બચાવવા માટે ભક્તોએ તેને ગુપ્ત રીતે વિતસ્તા નદીના પ્રવાહમાં પધરાવી દીધી હોવાનું માનવામાં આવે છે.

પરંપરા અનુસાર, મૂર્તિ જ્યાં રાખવામાં આવી હતી તે સ્થળનું રહસ્ય લગભગ ૯૦ વર્ષ સુધી ગુપ્ત રાખવામાં આવ્યું હતું. અંતે, ડોગરા શાસન દરમિયાન મૂર્તિ પુનઃ-પ્ત કરવામાં આવી અને ધાર્મિક વિધિપૂર્વક ફરીથી મંદિરમાં સ્થાપિત કરવામાં આવી. ત્યારથી અહીં ભગવાન ગણેશની પૂજાની પરંપરા ચાલુ છે.

મંદિરની નજીક આવેલો બડિયાર વિસ્તાર પણ કેટલાક સંશોધકો દ્વારા સંસ્કૃતના 'બૃહત વિહાર', એટલે કે 'મહાન મઠ', સાથે જોડવામાં આવ્યો છે. આના આધારે એવું સૂચવવામાં આવે છે કે જૂના શ્રીનગરનો આ વિસ્તાર કદાચ ક્યારેક મહત્વપૂર્ણ બૌદ્ધ ધાર્મિક કેન્દ્ર ધરાવતો હશે. જોકે, આ પણ વિદ્વાનોનું અર્થઘટન છે અને તેને નિશ્ચિત ઐતિહાસિક તથ્ય તરીકે માનવું યોગ્ય નથી.

મંદરની મુલાકાત દરમિયાન મંદિર પરિસરની જમણી દિવાલની બાજુમાં આવેલી જૂની વિનાયક મિડલ સ્કૂલ, જે ઐતિહાસિક રીતે ગણેશ ઘાટ સ્કૂલ તરીકે ઓળખાતી હતી, તે ઈમારત પણ ધ્યાન ખેંચે છે. હાલમાં તેનો ઉપયોગ સુરક્ષા કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. સમય સાથે ઈમારતનો બદલાયેલો ઉપયોગ જૂના શ્રીનગરના સ્થળો અને પરિસ્થિતિઓ કેવી રીતે બદલાતી રહી છે તેની યાદ અપાવે છે.

પરંતુ ગણપતયાર માત્ર એક મંદિર નથી. તે જૂના શ્રીનગરની યાદો અને રોજિંદા જીવનનો પણ એક મહત્વપૂર્ણ ભાગ છે. તેના ઘાટો, સાંકડી ગલીઓ, ધાર્મિક વિધિઓ, લોકકથાઓ અને આસપાસના વિસ્તારો સદીઓના પરિવર્તનના સાક્ષી રહેલા કાશ્મીરના સમૃદ્ધ સાંસ્કૃતિક પરિદૃશ્યને આજે પણ જીવંત રાખે છે.

**હરિ પર્વતની પરિક્રમા - પવિત્ર સ્થળોની સ્મૃતિમાળા**

ગણપતયાર મંદિરની મુલાકાતથી આગળ હરિ પર્વતની પરિક્રમાની પરંપરા તરફ નજર કરીએ તો કાશ્મીરના ધાર્મિક વારસાનું એક વિશાળ અને રસ-દ પરિદૃશ્ય સામે આવે છે. આ પરિક્રમા અનેક પવિત્ર સ્થાપનો, મંદિરો અને લોકસ્મૃતિઓને એકબીજા સાથે જોડે છે.

**મહા ગણેશ મંદિર - હરિ પર્વત પરિક્રમાના પ્રથમ દર્શન**

ગણેશબલ તરીકે પણ ઓળખાતું મહા ગણેશ મંદિર હરિ પર્વતની તળેટીના પૂર્વ ભાગમાં આવેલું છે. માતા ચક્રેશ્વરીની પરિક્રમામાં આવતું આ એક મહત્વપૂર્ણ પડાવ છે. ગણપતયારથી હરિ પર્વત સુધીની યાત્રા એ કાશ્મીરના સમૃદ્ધ વારસાને જોડતું અદ્ભુત સેતુ છે.

અમર કૌલ મંદિરની સામે સીડીઓનો એક માર્ગ આવેલો છે, જેની જાણકારી ન હોય તો કોઈનું પણ ધ્યાન તેના પર ન જાય. આ સીડીઓ એક ઓછા જાણીતા મહાલક્ષ્મી સ્થાપન તરફ લઈ જાય છે. હરિ પર્વતની પરંપરાગત પરિક્રમામાં આ સ્થાનનું વિશેષ મહત્વ હોવાનું માનવામાં આવે છે.

**અમર કૌલ મંદિર**

અમર કૌલ મંદિર હરિ પર્વતની પરિક્રમા સાથે જોડાયેલું એક પવિત્ર સ્થાન છે. તેની આસપાસના માર્ગો અને સ્થાપનો કાશ્મીરની પ્રાચીન ધાર્મિક પરંપરાઓ તથા સ્થાનિક સ્મૃતિઓ સાથે જોડાયેલા છે.

**હનુમાન મંદિર - હરિ પર્વત પરિક્રમાના અંતિમ દર્શન**

હનુમાન મંદિરને હરિ પર્વતની પરિક્રમા દરમિયાન અંતિમ સ્થાપન માનવામાં આવે છે. ભક્તો હરિ પર્વતના કાઠી દરવાજા તરફ આગળ વધતા પહેલાં અહીં હનુમાનજીને નમન કરે છે.

દુઃખની વાત છે કે આજે આ પવિત્ર સ્થાન મોટાભાગે ઉપેક્ષિત અને વિસ્મૃત હાલતમાં છે. તાજેતરમાં અહીં એક સાદા ધાતુના છાપરા નીચે હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે આ પવિત્ર સ્થળને ફરી એક નવી ઓળખ મળી છે.

આ સ્થાન સાથે જોડાયેલી અનેક કથાઓ, પરંપરાઓ અને સ્મૃતિઓ આજે પણ સ્થાનિક લોકોની યાદોમાં જીવંત હોઈ શકે છે. મહાલક્ષ્મી સ્થાપનથી લઈને પરિક્રમાના અંતિમ દર્શન સુધીના આ સ્થળો કાશ્મીરના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાની એક અનોખી કડી છે.હરિ પર્વત માત્ર એક મંદિર કે એક જ તીર્થસ્થળ નથી. તેની પરિક્રમા અનેક પવિત્ર સ્થળોને એકબીજા સાથે જોડે છે. આ સ્થળોના ઈતિહાસ, પરંપરાઓ અને મહત્ત્વ વિશે જાણકારી ધરાવતા વયોવૃદ્ધ પંડિતો પણ તેમાં કડીરૂપ બની રહ્યાં છે. નાની-સરીખી કોઈ સ્મૃતિ, જૂનો ફોટોગ્રાફ અથવા સ્થાનિક પરંપરા પણ કાશ્મીરના વારસાના આ ભૂલાઈ રહેલા સ્તરોને દસ્તાવેજીકૃત કરવામાં મદદરૂપ બની શકે છે. જો આપણે આજે આ સ્થળોની નોંધ નહીં લઈએ, તો તેમની ઘણી કથાઓ અને સ્મૃતિઓ તેમને યાદ રાખતી છેલ્લી પેઢી સાથે જ અદૃશ્ય થઈ શકે છે. તેથી આ પવિત્ર સ્થળોને યાદ રાખવા, તેમની પરંપરાઓને સમજવા અને આવનારી પેઢી સુધી પહોંચાડવા માટે દેશ વિદેશથી કાશ્મીરી પંડિતો ફરીથી સંગઠિત થઈને પોતાના અમૂલ્ય વારસાને સાચવવા અથાગ મહેનત કરી રહ્યાં છે.

**ગણેશ મંદિર - બટપોરા, ફતેહપોરા**

અહીં એક જમાનાનું સહુથી પ્રાચીન ગણેશમંદિર રહ્યું હતું. મંદિર ભલે શાંત થઈ જાય ,પરંતુ તેની સ્મૃતિઓ ક્યારેય વિસરાતી નથી ..

ધીમે ધીમે જર્જરિત થતી દીવાલો અને સ્તંભોને જોઈને કલ્પના કરી કે એક સમયે આ જ સ્તંભો મંદિરની ઉપરના સુવર્ણ છત્રને ગૌરવપૂર્વક ધારણ કરતા હશે. આજે એ ગુંબજ જમીન પર નિઃશબ્દ પડેલો છે. એક સમયે ચમકતું સુવર્ણ છત્ર હવે મંદિરના અવશેષો વચ્ચે પડેલું છે. તેની આસપાસ બહારના ભાગની છતને ઢાંકતી જૂની કાટ લાગેલી ટીનની ચાદરો પણ જોવા મળે છે.


સ્થાનિક સ્મૃતિઓ અનુસાર, આ મંદિર એક સમયે બરૈન વૃક્ષ (Bren Tree) નીચે આવેલું હતું. મંદિરની અંદર ભગવાન ગણેશની પ્રાચીન મૂર્તિ સ્થાપિત હતી. મંદિરની બહાર પણ ગણેશજીની એક અન્ય મૂર્તિ હતી. ભક્તો અને યાત્રાળુઓ માટે મંદિરની નજીક એક નાની ધર્મશાળા પણ બનાવવામાં આવી હતી. દુઃખની વાત એ છે કે આજે ધર્મશાળાના કોઈ સ્પષ્ટ અવશેષો જોવા મળતા નથી. હવે અહીં માત્ર એક વિલાપ કરતી જર્જરિત ઈમારત બચી છે, જે સમયની સાથે ધીમે ધીમે અદૃશ્ય થઈ રહી છે. તેમ છતાં, તેની દીવાલો અને છતના અવશેષો આજે પણ કહે છે કે આ સ્થળ એક સમયે શ્રદ્ધા, -ાર્થના અને સામુદાયિક જીવનથી ભરેલું હતું. આવાં સ્થળોને ધીમે ધીમે નષ્ટ થતાં જોવું અત્યંત દુઃખદ છે. આ પ્રાચીન મંદિરો માત્ર ધાર્મિક બાંધકામો નથી; તેઓ ગામના ઈતિહાસ, સ્મૃતિઓ અને સાંસ્કૃતિક વારસાનો અભિન્ન હિસ્સો રહ્યો છે.પરંતુ ક્રમાનુસાર ધીરે ધીરે કેન્દ્ર સરકારના સુગમ સહકાર અને કશ્મીરી પંડિતોના અથાગ -યત્નો થકી સનાતન સંસ્કૃતિની મંદિરોની વિરાસત ફરી સમૃદ્ધ થઈ રહી છે. કશ્મીરી પંડિતોના આશાવાદ અહીં પ્રગટે છે.



**ચસ્મે બદૂર કશ્મીર**

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

# જાઉં કહાં બતાયે દિલ...!



**હાસ્ય લહરી**

રમેશ ચાંપાનેરી (રસમંજન)
હાસ્ય કલાકાર
94268 88880

અવાવરું જગ્યામાં ખોદકામ કરતા ભગવાનની મૂર્તિ નીકળી આવે એવી ઘટના ઘણીવાર સાંભળવા મળે. ગામ પણ ગૌરવ અનુભવે કે, અમારા ગામમાં ભગવાન પ્રગટ થયા. પછી તો દર્શન માટે પડાપડી થાય, પૂજા-આરતી ને થાળ થવા માંડે. એટલું જ નહિ, એ સ્થળે લાંબા ટૂંકા ગાળે મંદિર પણ બંધાય જાય ને મેળા પણ ભરાતા થઈ જાય. આવું કંઈ અચાનક બને એને કૃપા કહેવાય. ત્યારે મારા કિસ્સામાં પ્રકોપ થયો. ભગવાન પ્રગટ થવાને બગલ માં 'ગુમડુ' પ્રગટ થયું. એમાં મંદિર નહિ બંધાય, પાટા-પીંડી જ થાય, આ તો એક વાત..! ભગવાન પણ ક્યારેક નારાજ થાય ત્યારે આવા ગુમડા મોકલે એમ, આ ગુમડાને છેલ્લા છ દિવસથી બેંકની થાપણની માફક સાચવીને ઘરમાં બેઠો છું. એનો પણ વાંધો નહિ, પણ દુખ એ વાતનું છે કે, ગુમડા પ્રગટાવવા માટે એમને મારી બગલ જ મળી..? શરીરમાં બીજી કોઈ સારી જગ્યા જ ના હતી..? બગલ એટલે શાંતિ પ્રિય એકાંતની અવાવરું જગ્યા. જ્યાં જેને ગુમડા નીકળે એને જ ખબર પડે કે, વેદના કેવી દર્દનાક હોય છે..! અખિલ બ્રહ્માંડમાં એક તું 'ગુમડું' જ હોય એમ, આંખ બીડો એટલે ગુમડું જ દેખાય..! ગુમડા બહુત બુરી ચીજ હૈ દાદૂ..! એ વાત અલગ છે કે, છતાં, બગલમાં ગુમડું નીકળ્યુ હોય તો, ઢાંકવું હોય તો ઢંકાય. કોઈને દેખાય તો નહિ. નાક ઉપર નીકળ્યું હોત તો, હાલત બગડી ગઈ હોત. જાણે કે એક ઉપર એક ફ્રી નાક..!

એમાં મારી ટીખળખોર સાળી 'ફટાકી' એટલે ફૂટવા કરતા સુરસુરિયા બહુ કરે. બળતામાં ઘી હોમતી હોય એમ કહે, 'જીજુ..! સારું છે કે, ગુમડાથી પત્યું..! બાકી. અસ્સલ તો રાક્ષસોને શીંગડા ફૂટતાં. સારું છે કે, તમને શિંગડું ફૂટ્યું નથી..! તારા કપાળમાં કાંદા ફોડું, સંબંધમાં સાળી થાય, એટલે બગાડાય નહિ, બાકી ખુન્નસ તો એવું ચઢે કે, જો ગુમડું, છુટ્ટું પડતું હોય તો, છુટ્ટું ગુંબડુ જ મારવાનું મન થાય..! નાદાનકી દોસ્તી જીવકા જાન..!

જ્યારથી ગુમડાએ બગલમાં ઘર માંડયું છે, ત્યારથી મારા માટે બગલ શરીરનું મુખ્ય અંગ બની ગયું છે. મારો એક હાથ તો પુણ્ય કમાવાનો હોય એમ, પાંચ-પાંચ મીનીટે ગુમડા-પ્રવાસમાં જ હોય. આ તો બગલમાં સિંહણ સુવાવડ કરવા આવી હોય એમ, ગુમડું સહન થયું નહિ ત્યારે ખબર પડી કે, શરીરમાં બે બગલ પણ આવેલી છે..! બાકી સામાન્ય રીતે માણસ પાસે બગલ જોવાનો સમય ક્યાં છે..? તોઓઓઓ..? નહિ કહેવાય નહિ સહેવાય એવી હાલત છે દાદૂ..! ગુમડાએ મને મોંઢુ બતાવવાને લાયક રાખ્યો નથી. બહાર પણ નીકળાતું નથી. નીકળું તો મારા હાથનું ખોરવાયેલું 'એલોઈમેન્ટ' જોઈને લોકો પ્રશ્ન-પત્ર કાઢે છે કે, 'કેમ આજે ઢીલ્લા-ઢીલ્લા લાગો છો..? હાથમાં તકલીફ છે કે શું..? લોકોને હાથના કરેલા હૈયે વાગે, અમને હૈયાના ક્હેલા હાથમાં વાગે બોલ્લો..! એના કપાળ માં કાંદા ફોડું, કેટલાને જવાબ આપું કે, મારી બગલમાં ગુમડું પ્રગટ થયું છે..?

છોટીકો કભી કમજોર મત સમજના..! પહેલા તો નાની અમસ્તી 'ગુમડી' જ નીકળેલી. બંદાને એમ કે, બગલમાં ખીલ નીકળ્યા હશે. ( એમાં તમને હસું શું આવે છે..? નેતા જેવા નેતા જો પાટલી બદલી શકતા હોય તો, ખીલ પણ પાર્ટી બદલે કે નહિ..? ) બગલમાં એનો એવો ઉછેર થયો તે, 'ગુમડી' ધીરે ધીરે 'ગુમડું' માં પરિવર્તિત થયું. હવે 'ગુમડું' માંથી 'ગુમડો' નહિ થાય તો સારું..! સાલું સમજાતું નથી કે, શરીરના બાકીના 'કોમન-પ્લોટ' છોડીને ગુમડાએ બગલમાં જ કેમ ધૂણી ધખાવી..? જે હાથ ચમરબંધીને પગે લાગવા નહિ વળે, એ હાથ હવે થોડી થોડી વારે 'બગલ-ફેરા' મારીને ગુમડાની ખબર અંતર કાઢવા દૌડે છે. શું સાલી શરીરના અંગોની એકતા છે..? આપણે ભલે બરાડા પાડીએ કે, 'આવાજ દો હમ એક હૈ' પણ શરીરની એકતા આગળ, માણસની એકતાનું પાંચિયું પણ નહિ આવે..! એક અંગને તકલીફ આવી પડે એટલે, બધા જ અંગોની ઉર્જા હોલવાય જાય. શરીર એવું બેચેન બની જાય કે, સખણા બેસવા પણ નહીં દે...! તમે માનશો નહિ, નાનું છોકરું રમાડતો હોય એમ, અઠવાડિયા સુધી તો મેં પણ ગુમડાને હાથ ફેરવીને રમાડયા કર્યું. વધારે પડતું વ્હાલ કરીએ ને છોકરું બગડી જાય એમ, પછી તો 'ગુમડું' પણ તોફાને ચઢ્યું. અમુક સમયે તો એવી ચીસ પડાવે કે, 'એનકાઉન્ટર' કરવા માટે કોઈએ બગલમાં ગોળી ના છોડી હોય..? હાથ અને કમર વચ્ચે ફૂટ-ફૂટનો ગાળો રાખીને ચાલવું પડે યાર..! એક દિવસ તો કોકે પૂછ્યું પણ ખરું કે, વડીલ, ચાલવાની સ્ટાઈલ બદલી નાંખી કે શું ? હાથ કેમ કમરથી દુર ભાગતો ફરે છે..? મારે એને શું એમ કહેવાનું કે, 'બગલમાં ગુમડા-દેવ' પ્રગટ થયા છે..!' જો કે, ગુમડું પ્રગટ થયા પછી જ મને પણ ખબર પડી કે, મારા શરીરમાં બે બગલ પણ એવી છે..! બાકી સામાન્ય રીતે આપણી નજર બગલ તરફ ખાસ જાય છે ક્યાં...? વળી ગુમડાની દાદાગીરી એટલે..? ગુંબડુ ભલે હોય ૫૦ ગ્રામના વજનીયા જેવું હોય, પણ સતાવે બહુ..! ખુલ્લા બારણા જોઈને ઘરમાં કુતરું ઘુસી જાય, તો એને હઅઅઅડ કરીએ તો ભાગી જાય, આ તો આપણને હઅઅઅટ કરે. શર્ટ પહેરતા પહેલા પણ ગુમડાનો 'મુડ' જોવો પડે. એની દશા અને દિશા જોવી પડે. એ પરવાનગી આપે તો જ શર્ટ પહેરાય..! સહેજ પણ ગુમડાને 'ટચ' થયું એટલે છોકરીની છેડતી કરી હોય એમ, હોઓહાઆઆ કરી મુકે. બે દિવસ સુધી તો હું ખભે પોતિયું નાંખીને જ ફર્યો છું મામૂ..! બારીમાં ડોકિયા કરનારને એમ જ લાગવા દીધું કે, ભાઈ ઉઘાડા શરીરે યોગા કરે છે..! આવી પડેલા દુખડાઓ ક્યારેય ટાળી શકાતા નથી. એને હસતા-હસતા જ કાઢવા પડે. ભગવાન કરે કોઈને બગલમાં ગુમડું નહિ આપે..! જ્યારથી ગુમડાએ બગલમાં માળો બાંધ્યો છે ત્યારથી, ઊંઘ હરામ થઈ ગઈ છે. ગુમડું કોઈ મહાન 'અતિથિ' હોય એમ, શરીરનું કોઈ અંગ મારા કાબુમાં નથી. શરીરના બધા જ અંગો 'ગુમડાં ના નેજા હેઠળ છે..! કોઈ કુંવારી કન્યા પેટમાં બાળક સંતાડતી હોય, એમ હું ગુંબડુ સંતાડતો ફરું છું. એવી મારી હાલત છે..! ચમનીયાએ મને ગુમડાનું 'એબોર્શન' કરાવવા સલાહ આપી, પણ તેવો 'ગુમડા સ્પેશ્યાલીસ્ટ' પણ મળવો જોઈએ ને..? મળે તો એવા મળે કે, જે મારા ગુમડા ઉપર PHD કરવાનો હોય એટલા પ્રશ્નો પૂછે. મારું ગુમડું પકવી નાંખે યાર..! આવું થાય ત્યારે ગુમડાની માફક સલાહકારો પણ બહુ ફૂટી નીકળે. અમુકે એવી સલાહ આપી કે, ભીંડાનો પાઉડર લગાઓ, એકાદે જેલના કોઈ કેદી પાસે ગુમડા ઉપર ફૂંક મરાવવાની સલાહ આપી, શ્રી ભગાએ, કોઈ ભણેલા ભૂવા પાસે, મરઘાની પીંછી નંખાવો તો મટી જશે એવું કહ્યું. એના કપાળમાં કાંદા ફોડું, આવા નુસ્ખા કરવામાં ગુમડું વધારે તંદુરસ્ત થયું. મારી આખી ચાલ બદલાય ગઈ..! જે જુએ તે એમ જ કહે કે, 'જો પેલો જીમમાં ૧૦૦૦ રતલનું વજન ઊંચકીને આવતો હોય એવો લાગે છે..!' એમાં રસ્તે જો કોઈ હાથ મિલાવવાનો થયો તો મને ધોળા દિવસે 'તારા' દેખાતા થઈ જાય. ને કોઈ ભેટવા તત્પર થયો તો, ભેટનાર યમરાજ જેવો લાગવા માંડે. સૌથી ખરાબ હાલત રાત્રે સુતી વખતે થાય. ડાબે પડખે સુવા ગયો તો ગુમડું ચીચયારી પાડે, જમણે પડખે સુવા ગયો તો ગુમડું ખેંચાય..! જાઉં કહાં બતાયે દિલ..!

**લાસ્ટ બોલ**

ચમનીયાને નાક ઉપર એક વર્ષથી ગુમડું નીકળેલું. ડો. શ્રીશ્રી ભગાની દવા બે વર્ષ સુધી કરી, પણ ગુમડું સ્થાન ભ્રષ્ટ થયું નહિ. એમાં ચંદુ ચપાટી સમાચાર લાવ્યો કે, 'શ્રીશ્રી ભગાનો દીકરો અમેરિકામાં ડોક્ટર થઈને કાલે જ આવ્યો છે. એને બતાવી જો.' એને બતાવ્યું તો બે જ દિવસમાં ગુંબડુ મટી ગયું. ચમનીયો તો છૂટ્યો પણ ડો. શ્રીશ્રી ભગાનો દીકરો ભેરવાયો. ડો. શ્રીશ્રી ભગાએ એના દીકરાને કહ્યું કે, 'આખા ગામમાં દોઢસોથી વધારે ગુમડાના દર્દી છે. ધાર્યું હોત તો હું પણ બે જ દિવસમાં ગુંબડા સારા કરી શક્યો હોત. પણ, તને ખબર છે આ ગુમડાના દર્દમાં કમાયને તો મેં તને ડોકટર બનાવવા અમેરિકા મોકલ્યો. અને તેં બે જ દિવસમાં એને સારો કરી દીધો..? તેં તો ધંધાની પથારી ફેરવી નાંખી..! તારા કપાળમાં કાંદા ફોડું..!

# વિદ્વત્તા અને વિનમ્રતાનો સુભગ સમન્વય એટલે ડો. ઈન્તેખાબ અનસારી

**અભિવ્યક્તિ**



ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

(ગતાંકથી શરુ)

સંઘર્ષો અને અભાવોની વચ્ચે એણે જે કંઈ પણ સિદ્ધ કર્યું છે એ કોઈને પણ ઈર્ષ્યા આવે એવું છે. આદર્શ વિદ્યાર્થી કોને કહેવાય એ જોવું હોય તો હું સ્પષ્ટપણે ઈન્તેખાબનું નામ સૂચવી શકું.

મોટા ભાગે વિદ્યાર્થીઓ કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કરીને જાય એટલે એમના કોલેજ સાથેના અને એમના શિક્ષકો સાથેના સંપર્કો અને સંબંધો સ્વાભાવિક રીતે જ ઓછા થઈ જતા હોય છે. પરંતુ ઈન્તેખાબ તો જુદી જ માટીનો નીકળ્યો. પોતાનો અભ્યાસ પૂરો કરીને સેટલ થઈ ગયા બાદ પણ એ સતત મારા સંપર્કમાં રહયો. પરિણામે મારી સાથેના સંબંધો વધુ ઘનિષ્ઠ બન્યા. નાની મોટી કોઈ પણ સિદ્ધિ મળે તો તરત એ મને જાણ કરતો અને મારા આશીર્વાદ મેળવતો. ઈતેખાબ અધ્યાપક તરીકે બારડોલીની બી.એડ્. કોલેજમાં જોડાયો ત્યાં જ ઈન્ચાર્જ -િન્સિપાલ બન્યો કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં સ્વનિર્ભર એમ.એડ્.કોર્સમાં અધ્યાપક થયો કે પછી ખરોડની બી.એડ્.કોલેજમાં અધ્યાપક(સહાયક) તરીકે જોડાયો.....એના બધા જ વિકાસના (અને સંઘર્ષના પણ) તબકક્કાઓનો હું સાક્ષી રહયો છું. એણે મેળવેલી સદ્ધિઓનો યશ એ મને પણ આપતો... બીજાઓનું માન કેવી રીતે જાળવવું એ જો કોઈએ શીખવું હોય તો એમણે અચૂકપણે ઈનેખાબ અનસારીનો અભ્યાસ કરવો રહયો. ઈન્તેખાબે જાણીતા શિક્ષણશાસ્ત્રી ડૉ. શશિકાંતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ફુલટાઈમ રીસર્ચ સ્કોલર તરીકે પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો અને એમનો પણ -ીતિપાત્ર બની શક્યો એ સ્વયં એની નમ્રતા અને એના સ્વભાવનું પરિણામ છે. મને બરાબર યાદ છે શશિકાંતભાઈએ એમની જાણીતી કોલમ માણસ નામે ક્ષિતિજ઼ઁ માં બે વખત ઈન્તેખાબ વિશે આખાને આખા લેખો લખ્યા હતા. મારા વર્તુળમાં પણ બધા એને આદર્શ યુવાન તરીકે ઓળખે છે. ઈન્તેખાબ પાસે સેન્સ ઓફ ગ્રેટીટ્યૂડ પણ જબરદસ્ત છે.

બારડોલી કોલેજમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ બન્યા પછી એણે રકતદાન શિબિરના ઉપક્રમે મારા પર પ્રેમાક્રમણ કરીને મને કોલેજમાં ઉપસ્થિત રહેવાની તક આપી હતી એ કેવી રીતે ભૂલી શકાય? હું એવા ઘણા માણસોને ઓળખું છું કે જેઓ ખૂબ વિદ્વાન હોય પરંતુ એમનાં વર્તન વ્યવહારના કોઈ ઠેકાણાં જ ન હોય. આ સંદર્ભે પણ ઈન્તેખાબ આગવું વ્યક્તિત્વ ધરાવે છે. વિદ્વત્તાની સાથે સાથે એનામાં નમ્રતા પણ એટલી જ. પોતે ઘણું જાણે છે એવો સામી વ્યકિતને બિલકુલ અહેસાસ ન થાય એની મહત્તમ કાળજી રાખતા મેં ઈન્તેખાબને અનુભવ્યો છે. ઉચ્ચ પદવીઓ મેળવ્યા પછી ઘણા માણસો સંકુચિત બની જતા હોય છે. જયારે ઈત્તેખાબ જેમ જેમ ઉચ્ચતાના શિખરો સર કરતો ગયો તેમ તેમ વધુ વિશાળ અને શાણો બનતો ગયો. ઈન્તખાબે માત્ર ઔપચારિક શિક્ષણ જ નથી મેળવ્યું પણ ખરા અર્થમાં ખરી કેળવણી મેળવી છે. મને નોંધવા દો કે એ સાચા અર્થમાં માણસ છે. ઈન્તેખાબ અનુસારી છેલ્લા દશ વર્ષોથી શિક્ષકોનું ઘડતર કરવાનું કાર્ય કરી રહયો છે એ અત્યંત આનંદની વાત છે. સારા શિક્ષકોના નિર્માણ થકી સારા માણસોનું નિર્માણ કરવાની દિશામાં એ ચિંતિત છે અને શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યો છે. એક સમયનો આદર્શ વિદ્યાર્થી હવે આદર્શ શિક્ષક તરીકે ખ્યાત થયો છે એ જોઈને અપાર આનંદની અનુભૂતિ થાય છે. કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ નસીબદાર છેકે એક અમૂલ્ય ઘરેણાં જેવા ડૉ. ઈત્તેખાબ અનસારીને અધ્યાપક તરીકે મેળવી શકી છે.

મારા એક સમયના અત્યંત પ્રિય વિદ્યાર્થી અને હવે મિત્ર એવા ડૉ. ઈત્તેખાબ અનસારી સાથે વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કરવાની ખૂબ મજા પડે છે એનું કારણ એણે કેળવેલાં લક્ષણો છે. ઈન્તેખાબ ખૂબ મહેનતુ છે, ખૂબ નમ્ર અને વિવેકી છે, સંવેદનશીલ છે, સો ટકા પ્રામાણિક છે, નિષ્ઠાવાન છે, હકારાત્મક અભિગમો ધરાવે છે,

બીજાની લીટી ટૂંકી કરવા કરતા પોતાની લીટીને મોટી કરવામાં શ્રદ્ધા ધરાવે છે, એની પાસે ખુમારી છે અને ખુદ્દારી પણ છે. એની પાસે ખૂબ ઊંચા સ્વપ્નો છે..... આવાં તો અનેક લક્ષણો એને અન્યોથી જુદા પાડે છે. ઈન્તેખાબનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે, હું એને મારી શુભેચ્છા અને આશીર્વાદ પાઠવું છું. ડૉ. ઈત્તેખાબ અનસારીને મારા પ્રિય વિદ્યાર્થી તરીકે મેળવી શક્યો તે બદલ સ્વયં પ્રસન્નતા અનુભવું છું અને સૌ સુજ્ઞ વાચકો સમક્ષ એને રજૂકરીને વિરમું છું.

# મહર્ષિ દધિચી : નિઃસ્વાર્થ ત્યાગ અને મહામાનવતાનું શિખર

ભારતીય સનાતન સંસ્કૃતિમાં અનેક ઋષિમુનિઓ અને મહાપુરુષોએ પોતાના જ્ઞાન, તપ અને આચરણથી માનવજાતને માર્ગદર્શન આપ્યું છે. તેમાં મહર્ષિ દધિચીનું સ્થાન વિશેષ આદરણીય છે. ભાદરવા સુદ આઠમના દિવસે તેમની જયંતી ઉજવવામાં આવે છે. દધિચી ઋષિ નિઃસ્વાર્થ સેવા, પરોપકાર, ત્યાગ અને આત્મબળની જીવંત મૂર્તિ ગણાય છે.

ધર્મગ્રંથો અને પુરાણો અનુસાર મહર્ષિ દધિચી અથર્વણ તરીકે પણ ઓળખાતા હતા. તેમના જીવન સાથે અનેક પૌરાણિક કથાઓ જોડાયેલી છે. તેઓ બ્રહ્મજ્ઞાની અને વેદોના મર્મી હતા. તેમણે અશ્વિનીકુમારોને બ્રહ્મવિદ્યા શીખવી હતી. આ પ્રસંગ સાથે જોડાયેલી કથાને કારણે તેમને 'અશ્વશિરા' અથવા 'અશ્વમુખ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**અસ્થિદાનની અદ્વિતીય ગાથા :** મહર્ષિ દધિચીના જીવનની સૌથી પ્રસિદ્ધ ઘટના વૃત્રાસુરના વધ સાથે સંકળાયેલી છે. પૌરાણિક કથા અનુસાર વૃત્રાસુરના આતંકથી દેવતાઓ પરેશાન થયા ત્યારે તેના વધ માટે મહર્ષિ દધિચીના અસ્થિમાંથી બનેલું વજ્ર જરૂરી હોવાનું જણાવાયું. દેવરાજ ઈન્દ્રે દધિચી પાસે અસ્થિદાનની વિનંતી કરી. લોકકલ્યાણ માટે મહર્ષિ દધિચીએ કોઈ સંકોચ વિના પોતાના દેહનો ત્યાગ સ્વીકાર્યો. તેમના અસ્થિમાંથી દેવશિલ્પી વિશ્વકર્માએ વજ્ર બનાવ્યું અને ઈન્દ્રે તેના દ્વારા વૃત્રાસુરનો વધ કર્યો. આ કથા દધિચીના નિઃસ્વાર્થ ત્યાગનું સર્વોચ્ચ પ્રતીક બની છે.

તેમનું જીવન એ સંદેશ આપે છે કે શરીર નશ્વર છે, પરંતુ પરોપકાર અને લોકકલ્યાણ માટે કરવામાં આવેલો ત્યાગ અમર બની રહે છે. આ જ કારણે દેશ અને માનવતા માટે જીવન અર્પણ કરનાર વીર જવાનો તથા પરોપકારી વ્યક્તિઓની સરખામણી મહર્ષિ દધિચી સાથે કરવામાં આવે છે.

**આજના સમયમાં પ્રાસંગિકતા :** આજની સ્વાર્થકેન્દ્રી જીવનશૈલીમાં મહર્ષિ દધિચીનો આદર્શ વધુ પ્રાસંગિક બને છે. પોતાના સુખ કરતાં બીજાના કલ્યાણને પ્રાધાન્ય આપવું અને સમાજ તથા રાષ્ટ્ર માટે યથાશક્તિ યોગદાન આપવું એ તેમના જીવનનો મુખ્ય સંદેશ છે. દેહદાન અને અંગદાન જેવી સેવાભાવી પ્રવૃત્તિઓમાં પણ તેમના ત્યાગની પ્રેરણા જોવામાં આવે છે. ગુજરાત અને ભારતમાં મહર્ષિ દધિચી સાથે જોડાયેલા અનેક પૌરાણિક સ્થળો છે. અમદાવાદમાં સાબરમતી નદીકિનારે દધિચી આશ્રમ અને દૂધાધારી મહાદેવ મંદિર, ઉત્તર પ્રદેશના મિશ્રિખ ખાતે દધિચી કુંડ તથા રાજસ્થાનના ગોડ માંગલોદ ખાતે દધિમતી માતાનું મંદિર તેમની પરંપરા અને લોકઆસ્થાની સાથે જોડાયેલા મહત્વપૂર્ણ સ્થળો છે. ભાદરવા સુદ આઠમને 'ધરો આઠમ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે દૂર્વા-ધરોનું વિશેષ ધાર્મિક મહત્વ છે. ભગવાન શિવ, માતા પાર્વતી અને શ્રીગણેશની પૂજા કરી દૂર્વા અર્પણ કરવાની પરંપરા છે. દૂર્વાને પવિત્રતા, શીતળતા અને દીર્ઘાયુષ્યનું પ્રતીક માનવામાં આવે છે.

મહર્ષિ દધિચીની ગાથા આપણને શીખવે છે કે સાચું મહાન જીવન પોતાના માટે નહીં, પરંતુ સમાજ અને માનવતાના કલ્યાણ માટે જીવવામાં છે. તેમનો નિઃસ્વાર્થ ત્યાગ યુગોયુગો સુધી માનવજાતને પરોપકાર અને સેવાભાવની પ્રેરણા આપતો રહેશે.

- વિનોદભાઈ માછી નિરંકારી

# પરોઢિયે ગૂંજતાં આપણાં અમર પ્રભાતિયાં





**નોખી-અનોખી**

**- કિંજલ પંડ્યા, પારડી**

*ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી;*
*સોળ સહસ્ર ગોપીનો વહાલો, મટુકીમાં ઘાલી.*
*અનાથના નાથને વેચે આહીરની નારી;*
*શેરીએ- શેરીએ સાદ પાડે`લ્યો કોઈ મોરારિ.*

આહાહા..... નરસિંહ મહેતાનું આ પ્રભાતિયું ગાતા ગાતા તો આપણા રગેરગમાં નિર્દોષતા અને ફક્ત અને ફક્ત પ્રેમ વ્યાપી જાય. બસ આટલી જ એક પંક્તિ કાનમાં પડે ને આંખ સામે આખું મનોહર પ્રભાતિયું ખડું થઈ જાય અને મન એની મેળે જ એની સાથે ગાઈ ઉઠે.

પ્રભાતિયું એ તો આપણી ગુર્જરી ધરાનું એક એવું અનમોલ ઘરેણું છે, જે ગુજરાતના દરેકે દરેક ઘરની પરોઢને પવિત્રતાથી ભરી દે છે. ગુજરાતમાં કદાચ એક પણ એવું ઘર નહીં હોય જ્યાં દરરોજ પરોઢિયે પ્રભાતિયાંની પવિત્ર વાણી ગૂંજતી ન હોય. પ્રભાતિયાં એ માત્ર એક ગીત કે કાવ્ય નથી, પણ આપણા જીવનનું એક અવિભાજ્ય અંગ છે, આપણો અમૂલ્ય વારસો છે અને આપણી અડીખમ ધરોહર છે.

સવાર પડે ને ગામડાના પાદરે ગાયોનું ધણ ચરાવવા જતો ગોવાળિયાનો સાદ હોય, મંદિરમાં ભગવાનની મંગળા આરતીનો મધુર ઘંટારવ થતો હોય, ઘર-આંગણે મા તુલસી ક્યારે પાણી સીંચતી હોય, ઘરની સ્ત્રીઓનો વલોણાનો મીઠો રણકાર ચાલી રહ્યો હોય કે પછી ઘરની મા પોતાના બાળકને વ્હાલથી જગાડતી હોય - આ સૌમાં બધે જ પ્રભાતિયાં વણાયેલાં જ હોય છે.

નરસિંહ મહેતાએ જ્યારે ગાયું હતું કે
`જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા
તુજ વિના ધેનમાં કોણ જાશે ?

એ સમયે કૃષ્ણ અને યશોદાનો પવિત્ર પ્રેમ સાક્ષાત પ્રગટ થયો હતો. પરંતુ જો આજના સમયમાં આધુનિક મા સવાર સવારમાં ટિફિન બનાવતી હોય અને પ્રભાતિયા ગાતી હોય તો આજે પણ એ જ મનોહર દ્રશ્ય આબેહૂબ રચાય છે અને સાથે એ પ્રભાતિયા ગાતા ગાતા કદાચ એમ પણ ગાઈ બેસે કે જાગને જાદવા, તુજ વિના સ્કૂલમાં કોણ જાશે.

યુગ બદલાયો પણ લાગણી અને વહાલનો એ જ પ્રવાહ આજે પણ અકબંધ છે.

સવારનો પવન જ્યારે વાય અને મનમાં ભક્તિનો વાસ થાય ત્યારે એમાંથી જે મધુર સંગીત પ્રગટે છે તે જ પ્રભાતિયું છે.

પરોઢ થયું ને પાંગરિયું મન, વન વાંસળીયું વાગી રે,
ઘેલી ઘેલી મને સૌ કહે છે જી...

આવા તો કંઈ કેટલાય પ્રભાતિયાં આપણા કવિઓ અને સંતોએ રચ્યાં છે. આ બધા પ્રભાતિયાં સાંભળતાં જ માણસ રગેરગથી પવિત્ર થઈ જાય છે. મનમાંથી દ્વેષ, અહંકાર અને ચિંતા ઓગળી જાય છે. વિચાર થાય કે કેવા નિર્દોષ અને નિષ્કપટ લોકો હશે આ કવિઓ કે જેમણે પ્રકૃતિ અને પરમાત્માને જોઈ જોઈને આંખોમાં હરખના આંસુ સાથે આ નિર્દોષ વાણી નીતારી હશે! નરસિંહ મહેતા અને સંતોની કલમે લખાયેલાં આ કાવ્યો જ્યારે પ્રફુલ્લ દવે, હેમંત ચૌહાણ કે દિવાળીબેન ભીલ જેવા દિગ્ગજ ગાયકોના કંઠે ગવાયાં, ત્યારે એ આપણા અંતર-મનમાં સદાને માટે વસી ગયાં.

ગામડાં હોય કે શહેર, લગ્ન-સંગ હોય કે યજ્ઞોપવિત જેવો કોઈ પણ શુભ પ્રસંગ, સવાર પડતાં જ પ્રભાતિયાં તો ગવાય જ. આપણા ઘરની સ્ત્રીઓ સવાર-સવારમાં કામકાજ કરતાં કરતાં પ્રભાતિયાં ગણગણતી હોય અને આખું ઘર એક અદ્ભુત ઊર્જાથી ભરાઈ જાય. કૃષ્ણ અને આપણી પ્રજાનો સંબંધ જ કંઈક એવો અનોખો છે કે લોકોએ કૃષ્ણને એટલો બધો પોતીકો માની લીધો છે કે એ ભગવાન કે પરમાત્મા છે એવો કોઈ આડંબર જ વચ્ચે આવવા દેતો નથી. ભગવાને ભગવદ્ ગીતામાં કદાચ કહી કહીને થાકી જવું પડ્યું હોય કે હું જ સર્વોચ્ચ ઈશ્વર છું, પણ આપણો ગુજરાતી તો એને નાનકડો કાનુડો, ગોવાળિયો અને પોતાના ઘરનો જ સભ્ય માનીને વ્હાલ કરે છે. જો લોકો પરમાત્માને આટલી સહજતાથી સ્વીકારે તો આ જ તો આપણું સાચું જીવન છે! આ જીવનમાં ભક્તિ, ભજન, સમર્પણ, પ્રેમ, દયા અને કરુણા બધું જ વણાયેલું છે અને એ બધું જ આપણને આ પ્રભાતિયાં ખૂબ સરળતાથી શીખવી જાય છે.

સંસારમાં જ્યારે દુ:ખ અને મોહ ઘેરી વળે ત્યારે પણ પ્રભાતિયું જ આપણને સાચો માર્ગ બતાવે છે.

સુખ-દુઃખ મનમાં ન
આણીએ રે,
ઘટ સાથે રે ઘડિયાં, ટાળ્યા તે
કોઇના નવ ટળે
રઘુનાથના જડિયાં...

કેટલી મોટી જીવનની ફિલોસોફી અને વેદાંતનો આ ગૂઢ અર્થ કેટલી સરળતાથી આપણા સુધી પહોંચી જાય છે!

આ પ્રભાતિયાંના કદાચ કોઈ સરકારી દસ્તાવેજો કે ચોપડા નહીં મળે, કારણ કે આ તો પેઢી દર પેઢી કંઠોપકંઠ ચાલી આવેલો આપણો અમૂલ્ય વારસો છે, જે હજી સુધી આપણા લોહીમાં અને શ્વાસમાં સચવાઈ રહ્યો છે. જ્યારે એ શબ્દસ્થ થયા ત્યારે જ આપણને વાંચવા મળ્યા.

પહેલાંના સમયમાં રેડિયો ઉપર પણ સવારે બરાબર છ વાગ્યે પ્રભાતિયાં વાગતાં અને આખું ઘર જાગી જતું. આજે પણ જો ઘરમાં વડીલો આપણી સાથે રહેતા હોય, તો આ પવિત્ર પરંપરા આવનારી નવી પેઢી સુધી ચોક્કસ પહોંચશે જ. ઘરમાં દાદા-દાદીની જરૂર એટલે જ છે કે આપણાં બાળકો એમની પાસેથી કૃષ્ણ જેવો નિષ્કપટ પ્રેમ પ્રાપ્ત કરી શકે અને આપણી પરંપરાને આગળ વધારી શકે. આપણા ભારતમાં તો દરેક બાળકની અંદર રાધા-કૃષ્ણની નિર્દોષતા વસેલી છે અને દરેક માતા-પિતાના હૃદયમાં યશોદા અને નંદબાબાનો વાત્સલ્ય પ્રેમ છુપાયેલો છે.

આજે સમાજમાં એક નવો સુંદર બદલાવ પણ જોવા મળી રહ્યો છે.

પ્રાચીન ગરબા અને બેઠકોનો જે નવો ક્રેઝ ચાલી રહ્યો છે, તેમાં યુવાનો આખી રાત ગરબે ઘૂમે છે અને રાત પૂરી થતાં જ પરોઢિયે સુરજ ઊગે તે પહેલાં બધાં ભેગાં મળીને પ્રભાતિયાં ગાય છે અને એ પછી જ છૂટાં પડે છે.

આ દ્રશ્ય જોઈને આંખો હરખાઈ જાય છે. ધન્ય છે આપણા ગુજરાતી ગાયકોને અને કલાકારોને કે જેઓ આજની મોર્ડન પેઢી સુધી આપણો આ સાંસ્કૃતિક વારસો સુરક્ષિત રીતે પહોંચાડી રહ્યા છે.

જીવનના દરેક વળાંકે સંસ્કાર સિંચવા માટે નરસિંહ મહેતાની વાણી સદા આપણી સાથે રહે છે.

`વૈષ્ણવ જન તો તેને કહીએ જે
પીડ પરાઈ જાણે રે,
પરદુ:ખે ઉપકાર કરે તોયે મન
અભિમાન ન આણે રે...

કે પછી પરમાત્માના વ્યાપક સ્વરૂપને ઓળખાવતું આ અમર પ્રભાતિયુ.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જુજવે રૂપ અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે ``

આવાં ભક્તિ અને જ્ઞાનથી સભર પ્રભાતિયાં આપણા આત્માને જગાડે છે.

પ્રભાતિયાં એ માત્ર સવારનો કોઈ રાગ કે ગીત નથી, એ તો આપણી આત્માનો જાગૃતિ-મંત્ર છે, આપણા ઘરનો ઉજાસ છે અને આપણા વડીલોના આશીર્વાદ છે. બાળક નાનાથી મોટું થાય, યુવાનીના માર્ગે ચાલે કે વૃદ્ધાવસ્થાના ઉંબરે પહોંચે - જીવનના દરેક તબક્કે પ્રભાતિયું એની સાથે જ રહે છે.

આ પરોઢના ભાથાને, આ સંસ્કારની સરવાણીને આપણે આપણા ઘરોમાં અવિરત ગૂંજતી રાખીએ અને આપણી સંસ્કૃતિની આ ધરોહરને નવી પેઢીના હાથમાં ગર્વથી સોંપતા જઈએ.

આજે આ લેખ વાંચતાની સાથે જ તમને પણ બાળપણનાં ઘણાં બધાં પ્રભાતિયાં યાદ આવી ગયાં હશે, ખરું ને? કાલે રવિવારની રજાની સવાર છે, તો ચાલો સવારે યુટ્યુબ પર કે પછી ઘરમાં દાદી અને મમ્મીના મીઠા કંઠે પ્રભાતિયાં સાંભળીએ અને આપણાં બાળકોને પણ આ પવિત્ર વારસો સંભળાવીએ. હું ખાતરી સાથે કહી શકું છું કે, ભક્તિ અને પ્રેમથી ભરેલી આ સવાર પછી તમારો આવનારો આખો દિવસ ખૂબ જ સુંદર અને ઉત્સાહવર્ધક વિતશે!

# આજે માણસ ખોવાયો છે



**શબ્દથી શબ્દ સુધી**

**રમેશ પટેલ, સુરત**

મને એ સમજ નથી પડતી કે આપણે માણસ છીએ કે કોઈ જંગલી પશુ. પશુઓ પણ જંગલમાં હળીમળીને રહી શકે છે પણ આપણે હળીમળીને રહી શકતા નથી.

આજે માણસમાં માણસાઈ પણ હું દેખાતું નથી. માણસ સાચો માણસ રહ્યો નથી. ખરેખર તો આજે માણસ ખોવાયો છે એમ કહી શકાય!

એક માણસ બીજા માણસને હેરાન કરવા જનમ્યો હોય એવું લાગે છે. ખરેખર તો આપણે એવું વર્તન કરવું જોઈએ કે આપણા વર્તનથી અન્યને દુ:ખ ન પહોંચે. આપણે માણસ નથી હિંસક પશુ છીએ એટલે આપણા વર્તનથી અન્યને દુ:ખ પહોંચાડીએ છીએ. ભાષાવાદ-પ્રાંતવાદ અને ધાર્મિક ભેદભાવોના કારણે આપણે અંદરો અંદર ઝઘડીએ છીએ. આપણે સૌ ઈશ્વરના સંતાન છીએ શા માટે એકબીજા જોડે ઝઘડવું જોઈએ?

હિંસક માણસો આતંકવાદી વર્તન કરતા જણાયા છે. એક દિવસ તેના પડોશી દેશને દુશ્મન ગણે છે. 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના રહી નથી! મહાસત્તા આજે વિફરી રહી છે. મહાસત્તારૂપી 'રાવણ' ફરી જન્મ્યો હોય એવું જણાય છે!

એક માણસે બીજા માણસ જોડે પ્રેમભાવથી વર્તવું જરૂરી છે. આપણે સૌ એક જ ડાળના પંખી છીએ. આજે માણસની વિચારધારા સંકુચિત બની રહી છે. માણસે સાચા માનવ બનવાની જરૂર છે.

આપણે આપણા હાથને હથિયાર નહીં પણ ફૂલોની ડાળ જેવો કોમળ બનાવવાની જરૂર છે! 'કોમળ' શબ્દના સરોવરની સુંદરતા વધારવાની જરૂર છે . આપણે હકારાત્મક વિચારો ધરાવી રચનાત્મક કાર્યો કરવા જરૂરી છે. સારું વાંચન કરી સારા સંસ્કારો પ્રાપ્ત કરવા જોઈએ.

આજે તો સાહિત્યકારોમાં પણ ઈર્ષાનુ સામ્રાજ્ય છે. આજે સાહિત્યકારો પણ ધંધાદારી વલણ ધરાવતા થઈ ગયા છે એ ચિંતાજનક બાબત છે! સાહિત્યકારો પણ મૌલિક રીતે વિચારી શકવાની ક્ષમતા ધરાવતા નથી... ખેદજનક બાબત છે. સારું અને મૌલિક વિચારનારા આજે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. માણસે સંકુચિત નહીં પણ વિશાળ વિચારધારા અપનાવવાની જરૂર છે. આપણે એકમેકના સહાયક બની સહકારની ભાવનાથી સમાજનું કલ્યાણ શેમાં છે..? એ વિચારવાની જરૂર છે . આપણે હૃદયની આંખોથી રહેમ નજર રાખી માનવનું કલ્યાણ ઈચ્છવું જોઈએ ! આપણને યુદ્ધની નહીં પણ બુદ્ધ ની જરૂર છે.

# ગણપતિ બાપ્પા : ભક્તિથી જાગૃતિ સુધીની અંતરયાત્રા



**પ્રીતનું ઝરણું**

**જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ**

જયોતિ ઉત્પલ પંડ્યા, અતુલ

ગણપતિ ગજાનન... રિદ્ધિ-સિદ્ધિના સ્વામી, વિઘ્નહર્તા અને બુદ્ધિના દેવતા.

ગણેશોત્સવ માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી; તે શ્રદ્ધા, સંસ્કાર, સામૂહિક આનંદ અને આજના સમયમાં પ્રકૃતિ પ્રત્યેની આપણી જવાબદારીને સમજવાનો અવસર પણ છે.

ભાદરવા સુદ ચોથના પવિત્ર દિવસે ઘેર-ઘેર ગણપતિ બાપ્પાની પધરામણી થાય છે. ઢોલ-નગારાના નાદ સાથે થતું આગમન, સુશોભિત સ્થાન પર મંત્રોચ્ચાર સાથે થતી સ્થાપના અને સવાર-સાંજની આરતીથી વાતાવરણ ગણેશમય બની જાય છે. દસ દિવસ સુધી ભક્તિ, ભજન, કીર્તન, સત્સંગ અને પ્રસાદ સાથે લોકો બાપ્પાની આરાધનામાં લીન રહે છે. સુશોભિત સ્થાન પર મંત્રોચ્ચાર સાથે થતી સ્થાપના અને સવાર-સાંજની આરતીથી વાતાવરણ ગણેશમય બની જાય છે. દસ દિવસ સુધી ભક્તિ, ભજન, કીર્તન, સત્સંગ અને પ્રસાદ સાથે લોકો બાપ્પાની આરાધનામાં લીન રહે છે.

આ દસ દિવસ આપણને માત્ર ભગવાનની પૂજા નથી શીખવતા, પરંતુ જીવનમાં શ્રદ્ધા સાથે શિસ્ત, જ્ઞાન અને આંતરિક શક્તિનું મહત્વ પણ સમજાવે છે.

ગણપતિના આગમનની જેમ જ અનંત ચતુર્દશીના દિવસે થતું વિસર્જન પણ લાગણીસભર હોય છે. દસ દિવસ સુધી જેમને પ્રેમથી ઘરમાં પધરાવ્યા હોય, તેમને વિદાય આપતી વખતે આંખોમાં આંસુ આવે છે. છતાં મનમાં એક વિશ્વાસ રહે છે.

'બાપ્પા, આવતા વર્ષે ફરી આવજો.' પરંતુ આજે આ વિસર્જનની પરંપરાને એક નવી જાગૃતિ સાથે જોવાની જરૂર છે.

એક સમય હતો જ્યારે પ્લાસ્ટર ઓફ પેરિસની વિશાળ મૂર્તિઓ અને રાસાયણિક રંગોના કારણે જળસ્રોતો પર તેની અસર અંગે પ્રશ્નો ઊભા થતા હતા. આજે અનેક લોકો માટીની મૂર્તિ તરફ વળી રહ્યા છે. પોતાના ઘરમાં જ કૃત્રિમ કુંડ, ટબ કે અન્ય વ્યવસ્થામાં વિસર્જન કરીને પર્યાવરણની જાળવણી કરવાનો સંદેશ આપી રહ્યા છે.

આ માત્ર એક નાનો બદલાવ નથી.

આસ્થા સાથે જવાબદારી જોડાય ત્યારે પરંપરા વધુ અર્થપૂર્ણ બને છે.

માટીની મૂર્તિના વિસર્જન પછી મળતી માટીમાં છોડ વાવવાની પરંપરા તો જાણે ગણપતિ બાપ્પાના સંદેશને પ્રકૃતિ સુધી પહોંચાડતી એક સુંદર કડી બની રહી છે. આજે બાળકો પણ આ પ્રક્રિયામાં જોડાઈ રહ્યા છે. ગણેશોત્સવ તેમના માટે માત્ર પૂજા અને પ્રસાદ પૂરતો નથી રહ્યો; તે ધર્મ, સંસ્કાર અને પર્યાવરણની સમજણ આપતો જીવંત પાઠ બની રહ્યો છે.

આ રીતે આજનો ગણેશોત્સવ આપણને એક સુંદર વિચાર આપે છે.

ધર્મને સાચવવો અને પ્રકૃતિને પણ સાચવવી, બંને એકબીજાના વિરોધી નથી; બંને સાથે ચાલે ત્યારે જ સાચી જાગૃતિ જન્મે છે.

ગણપતિનું સ્વરૂપ પણ પોતાના અંદર અનેક ગહન સંદેશો ધરાવે છે. મનુષ્યનું શરીર, હાથીનું મસ્તક અને ઉંદરનું વાહન આ સમગ્ર સ્વરૂપને માત્ર ધાર્મિક પ્રતીક તરીકે નહીં, પરંતુ ચેતના અને જીવનદર્શનના સંદેશ તરીકે પણ સમજવામાં આવે છે.

ગણપતિની સુંઢ અંદરની તરફ વળેલી છે.

તેને પોતાની અંદરની શક્તિ તરફ વળવાની પ્રેરણા તરીકે જોવામાં આવે છે. ઉંદર જમીનની અંદર દર બનાવે છે; તેમ મનુષ્યએ પણ પોતાના અંતરમાં ઊતરવાનું શીખવું જોઈએ. બહારની દુનિયાને જીતવાની પહેલાં પોતાની અંદરની અશાંતિ, અહંકાર અને અજ્ઞાન પર વિજય મેળવવો જરૂરી છે.

ગણપતિનું એકદંત સ્વરૂપ પણ અનેક આધ્યાત્મિક અર્થો સાથે જોડાય છે. જીવનમાં આગળ વધવા માટે ક્યારેક આસક્તિઓ અને બંધનોમાંથી ઉપર ઊઠવાની જરૂર પડે છે. ગણપતિનું સ્વરૂપ આપણને જ્ઞાન, એકાગ્રતા, વિવેક અને આંતરિક શક્તિ તરફ દોરી જાય છે.

ગણપતિ અને મહાભારતની કથા પણ તેમની અદભુત બુદ્ધિમત્તાનું પ્રતીક માનવામાં આવે છે. મહર્ષિ વેદવ્યાસે મહાભારતના લેખન માટે ગણેશજીને પસંદ કર્યા અને ગણેશજીએ દરેક સ્લોક સમજીને ભાદરવા સુદ ચોથના દીવસે થી લખવાની શરુઆત કરે છે.અને અનંત ચતુર્દશીને દિવસે લખાણ પૂરું થાય છે.

દસ દિવસ સુધી એકજ જગ્યાએ બેસી સતત લખવાથી તેમના શરીર પર ધૂળ લાગે છે. અને શરીર સ્થૂળ થઈ જાય છે તેથી સરસ્વતી નદીમાં ડૂબકી લગાવી શરીરને શુદ્ધ કરે છે. આમ તેમના દસ દિવસના પરિશ્રમ અને એમની બુદ્ધિમતા માટે આ દસ દિવસ તેમની સ્થાપના કરવામાં આવે છે. સાર્વજનિક રીતે ગણેશજીની સ્થાપના થઈ તેનું વિસર્જન ખૂબ વિશાળ રેલીઓ માં ખુબજ ધૂમ ધમથી થાય છે.

બ્રહ્મ સુધી પહોંચવાની ચેતના માટે ગજાનનને સમજવા જરૂરી છે. ગણપતિ ગજાનનનો મહિમા ખરેખર અદ્વિતીય છે.

ગણપતિ બાપ્પા મોરિયા!

# 'અડધી તું -અડધો હુંને આખું આપણું જીવન'





**સતરંગી શમણાં**

**-નીતા પી. જાદવ, રાજકોટ**

લગ્ન પહેલાં પ્રેમ આંખોમાં દેખાય છે, લગ્ન પછી એ વર્તનમાં અનુભવાય છે. પહેલાં પ્રેમ શબ્દોમાં વ્યક્ત થાય છે, પછી એ મૌનમાં પણ સંભળાય છે.

લગ્ન એટલે માત્ર બે વ્યક્તિઓનું એક છત નીચે રહેવું નહીં, પરંતુ બે અલગ સ્વભાવ, સંસ્કાર અને સપનાઓને એક જીવનમાં ગૂંથવાની સફર.

શરૂઆતમાં પ્રેમ ખૂબ બોલકો હોય છે—લાંબી વાતો, એકબીજાની રાહ અને નાની નાની ખુશીઓ. સમય જતાં જવાબદારીઓ વધે છે, થાક આવે છે, મતભેદો થાય છે અને જીવનની ગતિ બદલાય છે. ત્યારે ક્યારેક લાગે કે પ્રેમ પહેલાં જેવો રહ્યો નથી. પરંતુ હકીકત એ છે કે— પ્રેમ ઓછો થયો નથી હોતો; એ માત્ર શબ્દોમાંથી ઊતરીને જીવનમાં વસી ગયો હોય છે.પહેલાં પૂછાતું હતું, ‌તને મારી કેટલી યાદ આવે છે? હવે પ્રેમ પૂછે છે, 'આજે બહુ થાકી ગયા છો ને?' પહેલાં સાથે સમય વિતાવવાની ઈચ્છા હતી; હવે જીવનસાથી થાકી જાય ત્યારે તેનું કામ થોડું હળવું કરી દેવાની લાગણી છે. આ જ પ્રેમનું પરિપક્વ સ્વરૂપ છે.

**સમજણ—દાંપત્યની સાચી ભાષા**

સુખી દાંપત્યમાં દરેક વાત પર સહમત થવું જરૂરી નથી. જરૂરી છે એકબીજાને સમજવાનો અને અલગ હોવાનો અધિકાર આપવાનો. જીવનસાથીના ચહેરા પરનો થાક વાંચી લેવો, મૌનમાં છુપાયેલી ઉદાસી ઓળખી લેવી અને જરૂર પડે ત્યારે સલાહ કરતાં પહેલાં માત્ર સાંભળવું—આ પ્રેમના એવા શબ્દો છે, જે બોલાતા નથી, અનુભવાય છે.

'પ્રેમ એ નથી કે રોજ 'હું તને પ્રેમ કરું છું' કહેવું;
પ્રેમ તો એ છે કે સામેની વ્યક્તિને રોજ અનુભવાય –
'હું એકલો નથી'
કોઈ મારી સાથે છે.'

**મતભેદમાં પણ સંબંધને જાળવો**


જ્યાં બે હૃદય સાથે રહે છે ત્યાં મતભેદ સ્વાભાવિક છે. પરંતુ ઝઘડો એવો હોવો જોઈએ કે સમસ્યા હારે, સંબંધ નહીં. ગુસ્સામાં બોલાયેલા શબ્દો લાંબો ઘા આપી શકે છે. તેથી દરેક દલીલ જીતવા કરતાં ક્યારેક સંબંધને જીતાડવો વધુ જરૂરી છે. થોડું મૌન, થોડું ઝૂકવું અને સમયસર માફ કરી દેવું— ઘણા સંબંધોને તૂટતાં બચાવી શકે છે. નાની કાળજીનું મોટું સુખ સુખી લગ્નજીવન માટે મોટી ભેટો કે ભવ્ય પ્રસંગોની જરૂર નથી. સવારની એક કપ ચા, 'દિવસ કેવો ગયો?' એવો એક પ્રશ્ન, થાકેલા જીવનસાથી માટે કરેલી નાની મદદ, અને રાત્રે એક સ્મિત આવી નાની ક્ષણોમાં જ દાંપત્યનું મોટું સુખ વસે છે.ઘર દિવાલોથી બને છે, પણ ઘરપણું કાળજીથી જન્મે છે. સાચો જીવનસાથી કોણ? જીવનસાથી એ છે જે તમારી ખુશીમાં ખુશ થાય, નિષ્ફળતામાં તમને નાનું ન થવા દે અને મુશ્કેલીમાં તમારો હાથ છોડે નહીં. સારા સમયમાં સાથે ઊભા રહેવું સહેલું છે, મુશ્કેલ સમયમાં સાથ આપવો જ સંબંધની ઊંડાઈ બતાવે છે. જ્યારે દુનિયા સામે લડવાની શક્તિ ખૂટી જાય,

ત્યારે જે વ્યક્તિ માત્ર એટલું કહે– 'હું છું ને' એ જ સાચો જીવનસાથી.

અંતે સુખી દાંપત્ય કોઈ પરફેક્ટ દંપતીની વાર્તા નથી. એ બે અપૂર્ણ માણસોની એવી સફર છે, જેમાં બંને એકબીજાની અપૂર્ણતાઓ સ્વીકારીને સાથે આગળ વધવાનું શીખે છે. એકબીજાને વધુ સાંભળો, ઓછું આક્ષેપ કરો, વહેલું માફ કરો અને પ્રેમ વ્યક્ત કરવામાં કંજૂસી ન કરો. વર્ષો પછી યાદ નહીં રહે કે કોણ કેટલી દલીલ જીત્યું હતું. યાદ રહેશે તો માત્ર એટલું– 'જ્યારે જીવન મુશ્કેલ બન્યું હતું, ત્યારે પણ એક હાથ મારો હાથ પકડીને ઊભો હતો.‌ અને કદાચ લગ્નનો સૌથી સુંદર અર્થ પણ આ જ છે. પ્રેમમાં કોઈને માત્ર મેળવવું નહીં, પરંતુ જીવનભર કોઈના 'પોતાના' બનીને રહેવું. 'સફર લાંબી હોય કે ટૂંકી, સાથ સાચો હોય તો દરેક રસ્તો સુંદર લાગે; અને જીવનસાથી એવો હોય, જેની બાજુમાં બેસતાં દિલ ધીમેથી કહે–

હા અહીં જ મારું ઘર છે. જો આવું પાત્ર તમારા જીવનમાં હોય તો અહંકાર અને નાદાની છોડી ઈશ્વરે આપેલી એ ભેંટને આજીવન જતનથી સાચવશો તો સાચા અર્થમાં સુખી થશો એની ૧૦૦ ટકા ગેરંટી છે.

# બાગમાં છે મ્હેંક આજે છોકરીના કારણે



રમરોજ આવું છું અહીં ધસમસ નદીના કારણે,
વ્હેણ બસ જોયા કરું છું લાગણીના કારણે.
કાન પકડી વાત ફૂલોએ કબૂલી આખરે,
બાગમાં છે મ્હેક આજે છોકરીના કારણે.
ઝાડ નાહક સીમના ધિક્કારનું કારણ બન્યું,
તાપમાં તતડી ગયેલી ડાળખીના કારણે.
એજ બ્હાનું કાઢશે ભીની હવા જોજો તમે,
સાંજના આવી શકી ના માંદગીના કારણે.
એકબીજાની મળે છે હુંફ બેઠા એટલે,
આપણે બેઠા નથી કૈં તાપણીના કારણે.

**- શ્યામ ઠાકોર**

(દ્વાર ખખડાવે હવામાંથી)



**સંવેદન**

**- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

આ ગઝલનો આસ્વાદ માત્ર પંક્તિઓના અર્થ સુધી સીમિત નથી રહેતો; તેમાં વહેતી નદી, મહેકતો બાગ, તડકામાં તપેલું ઝાડ, ભીની હવા અને તાપણી જેવી પ્રકૃતિની છબીઓ દ્વારા માનવીય લાગણીઓનું સુંદર ચિત્રણ થયું છે. શ્યામ ઠાકોરે પ્રકૃતિ અને પ્રેમને એકબીજાના પૂરક બનાવીને સંબંધોની ઉષ્મા, રાહ, બહાનું, મીઠી ફરિયાદ અને લાગણીની નાજુકતા વ્યક્ત કરી છે.

**પ્રકૃતિના રૂપકમાં ધબકતી લાગણી**

શ્યામ ઠાકોરની આ ગઝલ પ્રકૃતિ અને માનવીય લાગણીના અદભુત સંયોજનથી રચાયેલી છે. ગઝલના દરેક શેરમાં કવિએ રોજિંદા જીવનમાં જોવા મળતાં પ્રકૃતિના દૃશ્યોને માનવીના હૃદય સાથે જોડ્યા છે. નદીનું વહેણ હોય કે ફૂલોની મહેક, સીમનું ઝાડ હોય કે સાંજની ભીની હવા– કવિ માટે આ બધું માત્ર પ્રકૃતિનું સૌંદર્ય નથી, પરંતુ લાગણીને વ્યક્ત કરવાનું માધ્યમ છે. તેથી ગઝલ વાંચતી વખતે વાચકને એક સાથે પ્રકૃતિ પણ દેખાય છે અને લાગણી પણ અનુભવાય છે.

ગઝલનો મત્લા જ વાચકને એક સુંદર લાગણીસભર વાતાવરણમાં લઈ જાય છે.

**રોજ આવું છું અહીં ધસમસ નદીના કારણે,**
**વ્હેણ બસ જોયા કરું છું લાગણીના કારણે.**

અહીં 'ધસમસ નદી' માત્ર નદી નથી. નદીના વહેણમાં કવિને પોતાના મનનું વહેણ દેખાય છે. કવિ રોજ અહીં આવે છે, પરંતુ તેનું સાચું કારણ નદી નથી; નદી તો એક બહાનું છે. તે નદીના વહેણને જોવાના બહાને પોતાની અંદર વહેતી લાગણીને અનુભવે છે. 'વ્હેણ' શબ્દનો પ્રયોગ અત્યંત અર્થસભર છે. જેમ નદી સતત વહે છે તેમ પ્રેમ અને લાગણી પણ મનમાં સતત વહેતી રહે છે. બહારથી કવિ નદી જુએ છે, પરંતુ હકીકતમાં તે પોતાના હૃદયમાં વહેતી લાગણીને નિહાળી રહ્યો છે. આ શેરમાં પ્રકૃતિ અને પ્રેમ વચ્ચેનું સુંદર તાદાત્મ્ય જોવા મળે છે.

બીજા શેરમાં બાગ અને ફૂલોની મહેક દ્વારા પ્રેમની ઉપસ્થિતિ વ્યક્ત થાય છે.

**કાન પકડી વાત ફૂલોએ કબૂલી આખરે,**
**બાગમાં છે મ્હેક આજે છોકરીના કારણે.**

અહીં કવિએ ફૂલોને માનવીય સ્વરૂપ આપ્યું છે. ફૂલો જાણે કવિ સાથે વાત કરે છે અને અંતે કબૂલ કરે છે કે બાગની આજની મહેકનું કારણ કોઈ છોકરી છે. 'કાન પકડી વાત કબૂલી' જેવા શબ્દોમાં હળવી શરારત અને રમૂજ છે. પ્રેમિકાની હાજરીથી સમગ્ર બાગ સુગંધિત થઈ જાય છે. આ કલ્પના પ્રેમની તીવ્રતાને દર્શાવે છે. પ્રેમમાં પડેલી વ્યક્તિ માટે પ્રિયજનની હાજરી માત્ર એક વ્યક્તિની હાજરી રહેતી નથી; તે સમગ્ર વાતાવરણને બદલાવી નાખે છે. કવિએ આ ભાવને ફૂલોની મહેક સાથે ખૂબ જ કોમળતાથી રજૂ કર્યો છે.

ત્રીજા શેરમાં કવિ પ્રકૃતિના અન્ય રૂપ દ્વારા જીવનની કઠિનતા તરફ વળે છે.

**ઝાડ નાહક સીમના ધિક્કારનું કારણ બન્યું,**
**તાપમાં તતડી ગયેલી ડાળખીના કારણે.‌**

આ શેરમાં પ્રકૃતિનું એક કરુણ અને વાસ્તવિક ચિત્ર જોવા મળે છે. તડકામાં તપેલી ડાળખીઓના કારણે ઝાડ જાણે સીમના ધિક્કારનું કારણ બની ગયું છે. અહીં 'તાપમાં તતડી ગયેલી ડાળખી' અત્યંત જીવંત ચિત્ર ઊભું કરે છે. 'તતડી' શબ્દ તાપ, કઠિનતા અને વ્યથાની અનુભૂતિ કરાવે છે. ઝાડ નિર્દોષ છે, છતાં તે ધિક્કારનું કારણ બને છે. આમાં કવિ માનવીય જીવનનું પણ એક ગહન સત્ય સૂચવે છે. ઘણી વાર પરિસ્થિતિને કારણે નિર્દોષ વ્યક્તિ કે વસ્તુને પણ દોષનો ભાગીદાર માનવામાં આવે છે. આમ, પ્રકૃતિના દશ્યમાંથી કવિ માનવીય વર્તનની એક સૂક્ષ્મ વાત રજૂ કરે છે.

ચોથો શેર ગઝલના ભાવજગતમાં મીઠી રાહ અને બહાનાની લાગણી ઉમેરે છે.

**એજ બ્હાનું કાઢશે ભીની હવા જોજો તમે,**
**સાંજના આવી શકી ના માંદગીના કારણે.**

અહીં 'ભીની હવા'ને કવિએ જાણે કોઈ સંદેશવાહક બનાવી છે. પ્રિય વ્યક્તિ સાંજે આવી શકી નથી અને તેનું કારણ 'માંદગી' બતાવવામાં આવ્યું છે. પરંતુ કવિને કદાચ ખબર છે કે ભીની હવા પણ એ જ વાતનું બહાનું કાઢશે. આ શેરમાં સીધી ફરિયાદ નથી, પરંતુ શંકા, રાહ અને મીઠી નારાજગીનો સંગમ છે. પ્રેમમાં ઘણી વખત શબ્દો કરતાં મૌન વધારે બોલતું હોય છે. પ્રિયજનની રાહ જોનાર મન નાનાં બહાનાંમાં પણ અર્થ શોધે છે. 'સાંજ', 'ભીની હવા' અને 'માંદગી' આ ત્રણેય શબ્દો મળીને એક નાજુક ભાવવાતાવરણ ઊભું કરે છે.

ગઝલનો છેલ્લો શેર સમગ્ર રચનાને એક સુંદર ભાવાત્મક પૂર્ણતા આપે છે.

**એકબીજાની મળે છે હુંફ બેઠા એટલે,**
**આપણે બેઠા નથી કૈં તાપણીના કારણે.**

આ શેરમાં કવિએ 'તાપણી' અને 'હુંફ' વચ્ચેનો સુંદર વિરોધાભાસ સર્જ્યો છે. બે વ્યક્તિઓ સાથે બેસે છે ત્યારે મળતી ગરમીનું સાચું કારણ તાપણી નથી, પરંતુ એકબીજાની હાજરી છે. બહારની ઠંડી દૂર કરવા માટે તાપણીની જરૂર હોય છે, પરંતુ હૃદયની ઠંડી દૂર કરવા માટે લાગણીની જરૂર પડે છે. આ શેર ગઝલના કેન્દ્રીય ભાવને ખૂબ સુંદર રીતે વ્યક્ત કરે છે. માનવીને સાચી ઉષ્મા સંબંધોમાંથી મળે છે. આ સમગ્ર ગઝલમાં 'કારણે' શબ્દનો વારંવાર થતો પ્રયોગ પણ નોંધપાત્ર છે. દરેક શેરમાં કવિ કોઈ ઘટના પાછળનું કારણ શોધે છે, સાંજના ન આવવાનું કારણ અને તાપણીનું કારણ આ બધાની પાછળ કવિ માનવીય સંવેદનાને શોધે છે. રદીફરૂપે આવતો 'કારણે' શબ્દ ગઝલને સંગીતાત્મક એકતા આપે છે.

કવિની ભાષા સરળ, સહજ અને ચિત્રાત્મક છે. 'ધસમસ નદી', 'વ્હેણ', 'ફૂલોની મ્હેક', 'તતડી ગયેલી ડાળખી', 'ભીની હવા', 'સાંજ' અને 'તાપણી' જેવા શબ્દો વાચકના મનમાં તરત જ દૃશ્યો ઊભાં કરે છે. ગઝલમાં અલંકારિકતા હોવા છતાં ભાષા કૃત્રિમ લાગતી નથી.

ઉપમા, રૂપક, માનવીકરણ અને વિરોધાભાસ જેવા કાવ્યતત્ત્વો સહજ રીતે આવી જાય છે. આ ગઝલનો સૌથી મોટો ગુણ તેની સરળતામાં રહેલી ઊંડાઈ છે. પ્રથમ નજરે તે પ્રેમ અને પ્રકૃતિની સામાન્ય વાત કરતી ગઝલ લાગે છે, પરંતુ થોડું ઊંડાણથી વાંચીએ ત્યારે તેમાં સંબંધોની ગરમી, રાહ જોવાની વ્યથા, પ્રેમની મીઠી શરારત, પરિસ્થિતિની કઠિનતા અને માનવીય સહવાસની જરૂરિયાત જેવા અનેક ભાવો પ્રગટ થાય છે.

અંતે કહી શકાય કે શ્યામ ઠાકોરની આ ગઝલ પ્રકૃતિના સુંદર ચિત્રો દ્વારા માનવીના હૃદયની વાત કરે છે.

નદીના વહેણથી શરૂ થયેલી ગઝલ અંતે માણસ-માણસ વચ્ચેની 'હુંફ' સુધી પહોંચે છે. બહારની દુનિયાની દરેક ઘટના પાછળ કવિને કોઈ ને કોઈ માનવીય લાગણી ધબકતી દેખાય છે. આ જ તેની કાવ્યસંવેદનાની વિશેષતા છે. સરળ શબ્દોમાં ઊંડી લાગણી વ્યક્ત કરતી આ ગઝલ વાચકને માત્ર ગમે છે એટલું જ નહીં, પરંતુ તેને પોતાના સંબંધો, પોતાની રાહ અને પોતાના હૃદયમાં વહેતી લાગણીઓ તરફ પણ પાછો વાળે છે.

## સમરોલીના જાહેર માર્ગો પર દબાણો સ્વૈચ્છિક રીતે હટાવાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૮ :** ચીખલી સમરોલી, થાલા, ખૂંધ જેવા વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદેસર લારી ગલ્લાઓના દબાણોને કારણે દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા ઉદ્ભવતી હોય વાહન ચાલકો અને રાહદારીઓ પણ ભારે પરેશાની વેઠી રહ્યા હોય દરમિયાન શનિવારના રોજ ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું કેન્દ્રીય મંત્રીના હસ્તે લોકાર્પણ કાર્યક્રમ હોય તે અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા દબાણ કર્તાઓને દબાણો દૂર કરવાની નોટિસ આપવામાં આવતા દબાણ કર્તાઓએ શુક્રવારે સવારથી જ ગેરકાયદેસર દબાણો દૂર કરી દીધા હતાં.

જોકે કેન્દ્રીય મંત્રીના આગમન અગાઉ સ્વૈચ્છિક રીતે દબાણકર્તા ઓએ દબાણો દૂર કરતા આ ઘટનાએ અનેક તર્ક વીતર્કો ઊભા કર્યા છે. ચીખલી વિસ્તારમાં ઘણા લાંબા સમયથી ગેરકાયદેસર દબાણોને કારણે દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા જટીલ બનતી આવી છે.

ભૂતકાળમાં વારંવાર તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરાયા હતા પરંતુ ચાર દિન કે ચાંદની ફિર અંધેરી રાત એમ દબાણો યથા સ્થાને ગોઠવાઈ જતા હતાં. જોકે આજે ચીખલી ચાર રસ્તાથી બગલાદેવ સુધીના તેમજ ચીખલી માર્ગ મકાન કચેરીથી તલાવ ચોરા માર્ગ ઉપર પ્રાથમિક શાળા સામેના દબાણો સ્વૈચ્છિક રીતે દૂર કરાયા છે.

જોકે માર્ગ મકાન વિભાગ દ્વારા તહેવારો દરમિયાન જ દબાણો દૂર કરવાની નોટિસ આપવામાં આવતા દબાણ કર્તાઓમાં ભારે કચવાત અને રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આ સ્વૈચ્છિક દબાણો હંગામી ધોરણે કે કાયમી ધોરણે દૂર કરવામાં આવ્યા છે તે માટે થોભો અને રાહ જુઓ ?.

ચીખલી માર્ગ મકાન વિભાગ દ્વારા ગેરકાયદેસર દબાણ કર્તા ઓને દબાણો દૂર કરવા બાબતે નોટિસ ફટકારવામાં આવતા સામાન્ય ધંધો રોજગાર કરનારાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વર્ષોથી ધંધો રોજગાર કરનારા ઓની આજીવિકાનું સાધન છીનવાઈ જતાં સામાન્ય પરિવારજનોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાની નોબત આવી છે. ત્યારે જેઓનું જીવન નિર્વાહ ધંધો રોજગાર ઉપર જ નભતો હોય ત્યારે તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જરૂર છે.

હાલમાં સરકારી જગ્યા ઉપર ગેરકાયદેસર કરવામાં આવેલા દબાણો હટાવવાનો ઝુંબેશ ચાલી રહ્યો છે. ત્યારે ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં ગેરકાયદેસર દબાણોને કાયમી ધોરણે દૂર કરી દેવામાં આવશે.

## ધરમપુરમાં શ્રીજીને અર્પિત કરાયેલા ફુલોમાંથી હવે ખાતર બનશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૧૮ :** ધરમપુરના દસોંદી ફળિયામાં યુવા શક્તિ યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં આ વર્ષે ધાર્મિક આસ્થા, ભવ્ય સજાવટ સાથે પર્યાવરણ જાગૃતિ અને પરંપરાના જતનના સંદેશ સાથે કેદારનાથની થીમ પર ભવ્ય ડેકોરેશન તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં કેદારનાથ ધામની અનુભૂતિ કરાવતી રચના સાથે લાઈવ વહેતા ઝરણાની થીમ પણ ભક્તોનું ધ્યાન ખેંચી રહી છે.

યુવા શક્તિ યુવક મંડળ દ્વારા છેલ્લા ૭૭ વર્ષથી અકબંધ રહેલી પરંપરા મુજબ દહાણુના એક જ પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવતી માટીની ગણેશ પ્રતિમાની પધરામણી કરવામાં આવે છે. વર્ષોથી જે મૂર્તિકાર પરિવાર પાસેથી પ્રતિમા લાવવામાં આવે છે, ત્યાંથી જ પ્રતિમા તૈયાર કરાવવાની પરંપરા મંડળે જાળવી



રાખી છે. નોંધનીય છે કે મૂર્તિમાં કુદરતી રંગોના ઉપયોગને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે.

આ વર્ષની ઉજવણીમાં સૌથી મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણપતિ બાપાને અર્પણ થતાં નિર્માલ્ય ફૂલોમંથી ઓર્ગેનિક ખાતર બનાવવાનો નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યો છે.

ગણેશજીને અર્પણ કરાયેલા ફૂલો સામાન્ય રીતે પૂજા બાદ કચરામાં જતા હોય છે. તેના બદલે મંડળ દ્વારા આ ફૂલોને અલગથી એકત્ર કરી, તેમાંથી પ્લાસ્ટિક, દોરા સહિતની અન્ય સામગ્રી અલગ કરીને કુદરતી પ્રક્રિયા દ્વારા ખાતર તૈયાર કરવાનો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. ફૂલોનું યોગ્ય રીતે પ્રોસેસિંગ થયા બાદ તૈયાર થનારા ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ ફળિયાનાં વૃક્ષો અને હરિયાળી માટે કરવામાં આવશે.

## આલીપોરમાં બાઈક સ્લીપ થતાં વૃધ્ધાનું મોત

**ચીખલી, તા.૧૮ :** ખેરગામ તાલુકાના ગૌરી મંદિર ફળિયા ખાતે રહેતા મંગુભાઈ રણછોડભાઈ નાયક ઉ.વ. ૭૪ તથા પત્ની નીરૂબેન મંગુભાઈ નાયક ઉ.વ. ૭૩ જેઓ બાઈક લઈને મીણકચ્છ બારોલીયા ગામમાં રહેતા મિત્રની મરણની બારમું તિથિમાં જઈ રહ્યા હતા દરમિયાન ચીખલી પર આલીપોર ગામની હદમાં અચાનક બાઈરક સ્લીપ થઈ જતાં પાછળ બેઠેલ પત્ની નીરૂબેન મંગુભાઈ નાયકને માથામાં ગંભીર ઈજા પહોંચતા જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે મંગુભાઈને બંને પગમાં ફેક્ચર થયું હતું.


TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૭:૦૦ થી રાત્રે ૧૧:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૧/૦૯/૨૦૨૬ સોમવાર | વાઘધારા | ૬૬/૧૧ કેવી ૩૧.૫ MVA પાવર ટ્રાન્સફોર્મર નં.૨ | ઝીરો ટેક્સ વિસ્તાર, ચેક પોસ્ટ વિસ્તાર, મ્યુચ્યુઅલ ઈન્ડ. વિસ્તાર, પાર્થ આઈ.ઈ. વિસ્તાર, ડુંગ્ગર ચેક પોસ્ટ, વાઘધારા ગામ, તિઘરા ગામ, બાવીસા ફળિયા, હોટેલ એક્સેલન્સી વિસ્તાર, હોટેલ લેક વ્યૂ વિસ્તાર, આનંદ સ્કૂલ વિસ્તાર, ડોર્ફ કેટલ વિસ્તાર, લિસા ઈન્ડ. વિસ્તાર, નોવા-૨, પાર્થ ઈન્ફ્રા **એક્સપ્રેસ ફીડરઃ** નેશનલ ફાઈબર 3D ટેક્નોપેક |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551

connect.torrentpower.com

connect.dnhdd@torrentpower.com


## વાપીમાં ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત સઘન સ્વચ્છતા અભિયાન



**વાપી, તા.૧૮ :** રાજ્ય સરકારના ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત વાપી મહાનગરપાલિકા દ્વારા આજે શહેરમાં સઘન સ્વચ્છતા અને શ્રમદાન અભિયાન યોજાયું હતું. મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલના માર્ગદર્શન હેઠળ સવારે ૭થી ૯ વાગ્યા દરમિયાન શહેરમાં કુલ ૪૩ ટીમો દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વિવિધ વોર્ડ, જાહેર માર્ગો, શેરીઓ, ખુલ્લી જગ્યાઓ અને મંદિર પરિસરો સહિતના વિસ્તારોમાં સફાઈ કરી ૨૪.૭૬ ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

અભિયાનમાં મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ અને કોર્પોરેટરો ઉપરાંત વિવિધ NGOs, SHGs, NCC, NSSના આશરે ૧૫૦ સભ્યો તથા રોફેલ કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર શ્રમદાન કર્યું હતું. મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી સહિત મહાનગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓએ વિવિધ વિસ્તારોમાં જાતે શ્રમદાન કરી નાગરિકોને સ્વચ્છતા જાળવવા પ્રેરિત કર્યા હતા. ‘મારું શહેર-મારી જવાબદારી’ની ભાવના સાથે કચરો જાહેરમાં ન ફેંકવા અને ભીનો-સૂકો કચરો અલગ રાખવા નગરજનોને અપીલ કરવામાં આવી હતી.

## વાપીના શિંદે પરિવારે પુત્રનો જન્મદિન નેત્રહીન બાળકો સાથે ઉજવ્યો



**વાપી, તા.૧૮ :** ગઈકાલે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ વાપી ગોકુળ વિહાર ખાતે રહેતાં સંજયભાઈ શિંદે પરિવારે પોતાના પુત્ર દક્ષના ૧૮માં જન્મ દિવસની ઉજવણી અનોખી રીતે કરી હતી. આ ખાસ અવસરે પરિવારે વલસાડની નેત્રહીન બાળકોની સંસ્થામાં જઈને બાળકો સાથે ખુશીઓ વહેંચી હતી. બાળકો માટે ભોજન અને ઉપહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરિવારજનોએ બાળકો સાથે સમય વિતાવ્યો હતો. પરિવારે જણાવ્યું હતું કે, આ માસૂમ બાળકોના નિર્દોષ સ્મિત અને ઉત્સાહે આ દિવસને વધુ વિશેષ બનાવી દીધો હતો. બાળકોનો પ્રેમ, આશીર્વાદ અને સાથ મળતા ખૂબજ અપનાપન અનુભવાયું હતું. આ પ્રેરણાદાયક ઉજવણીએ સમાજને પણ માનવતા અને સેવાનો સંદેશ આપ્યો છે.

## પારડી સ્વાધ્યાય મંડળમાં વડાપ્રધાનના જન્મ દિને ૧૦૦૦ મોદકની આહુતિ અપાઈ

**વલસાડ, તા. ૧૮ :** ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાત સરકારના નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ અને વલસાડ-ડાંગ લોકસભાના સાંસદ ધવલભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વાધ્યાય મંડળ અને શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, પારડી ખાતે શ્રદ્ધા, વૈદિક પરંપરા અને રાષ્ટ્રભાવનાના પાવન સંગમ સમાન ભવ્ય ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિમાં ભગવાન શ્રી ગણેશજીને વિઘ્નહર્તા અને મંગલમૂર્તિ તરીકે પૂજવામાં આવે છે. આ પાવન અવસરે ઋષિકુમારો તથા ઉપસ્થિત શુભેચ્છકો દ્વારા ૧૦૦૦



અથર્વશીર્ષ સ્તોત્રના પઠન સાથે ૧૦૦૦ મોદકની આહુતિ વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિપૂર્વક અર્પણ કરવામાં આવી હતી.

આ ગણેશયાગમાં રાષ્ટ્રની અખંડ એકતા, શાંતિ, સમૃદ્ધિ, જનકલ્યાણ, ભારતની અવિરત પ્રગતિ અને વૈશ્વિક ક્ષેત્રે ભારતની વધતી પ્રતિષ્ઠા માટે મંગલ પ્રાર્થના કરવામાં આવી હતી. સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય અને તેઓ સતત રાષ્ટ્રસેવા માટે કાર્યરત રહે તેવી શુભકામનાઓ સાથે વૈદિક પરંપરા મુજબ મંગલકામના કરવામાં આવી હતી. ગણેશયાગ દરમિયાન ગુંજતા વૈદિક મંત્રોચ્ચાર, અથર્વશીર્ષના પવિત્ર પાઠ અને મોદકની આહુતિથી સમગ્ર વાતાવરણ ભક્તિમય તથા ઊર્જાસભર બની ગયું હતું. આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, મહામંત્રી કમલેશભાઈ પટેલ, નિખીલભાઈ ચોકસી સહિત જિલ્લાના આગેવાનો, કાર્યકરો, ઋષિકુમારો તથા મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

### નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **વિપુલસિંહ ખુશાલસિંહ પાન્જોરલિયા** હતું જે બદલીને મારૂ નવું નામ **વિપુલસિંહ ખુશાલસિંહ પાંજરોલિયા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

લિ. **વિપુલસિંહ ખુશાલસિંહ પાંજરોલિયા**

**સરનામું :** પાંજરોલિયા ફળિયા, ધરમપુર, તા. ધરમપુર, જી. વલસાડ-ગુજરાત, પીન-૩૯૬૦૫૦

### N-2206/89/2022-NI (e-23548)

**ભારત સરકાર**

**સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય,**

**દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ**

૫મો માળ, પંડિત દીનદયાળ અંત્યોદય ભવન, સી.જી.ઓ કોમ્પ્લેક્સ. લોધી રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૩

તારીખ : ૨૫.૦૮.૨૦૨૬

**વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ હેઠળ રાષ્ટ્રીય સંસ્થાઓમાં ડિરેક્ટરના પદ પર નિમણૂક**

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ (DEPwD)ના વહીવટી નિયંત્રણ હેઠળની નીચેની પાંચ (૦૫) રાષ્ટ્રીય સંસ્થાઓ (સ્વાયત્ત સંસ્થાઓ) માં ડિરેક્ટરના પદ માટે વર્તમાન અને સંભવિત ખાલી જગ્યાઓ પર નિમણૂક માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે:

(ક) દ્રશ્ય વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય સંસ્થા, દહેરાદૂન :

(ખ) બહુવિધ વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય સંસ્થા, ચેન્નાઈ :

(ગ) સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુનર્વસન તાલીમ અને સંશોધન સંસ્થા, કટક (૦૪.૧૧.૨૦૨૬ થી ખાલી જગ્યા અપેક્ષિત):

(ઘ) પંડિત દીનદયાળ ઉપાધ્યાય રાષ્ટ્રીય શારીરિક વિકલાંગ વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય સંસ્થા, નવી દિલ્હી (૦૧.૧૧.૨૦૨૬ થી ખાલી જગ્યા અપેક્ષિત):

(ડ) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પર્સન્સ વિથ લોકમોટર ડિસેબિલિટીઝ, કોલકાતા (૦૧.૧૨.૨૦૨૬ થી ખાલી જગ્યા અપેક્ષિત):

આ જગ્યાઓ ડેપ્યુટેશન/કોન્ટ્રાક્ટ ધોરણે ભરવાની છે. ડેપ્યુટેશન ધોરણે નિમણૂકો પગાર મેટ્રિક્સ (રૂા.૧,૨૩,૧૦૦ થી રૂા.૨,૧૫,૯૦૦) ના પગાર સ્તર-૧૩ મુજબ ચૂકવવામાં આવશે અને કોન્ટ્રાક્ટ ધોરણે ભરતી લોકોને દર મહિને રૂા. ૧,૭૫,૦૦૦ નું સંયુક્ત મહેનતાણું ચૂકવવામાં આવશે.

વિગતવાર જાહેરાત વિભાગની વેબસાઈટ (https://depwd.gov.in) અને સંબંધિત સંસ્થાઓની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. અરજીઓ પ્રાપ્ત કરવાની છેલ્લી તારીખ રોજગાર સમાચારમાં જાહેરાત પ્રકાશિત થયાની તારીખથી ૪૨ દિવસ રહેશે.

સહી/-
(આશિષ ઠાકરે)
ડિરેક્ટર (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ)

CBC 38117/11/0013/2627

### UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Construction of Toilet Block at Primary School Haldunpada Silly DNH (3rd Call)**

| | |
|---|---|
| Tender No. | 16 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8250_1 |
| On line downloading start of tender documents | 11/09/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 22/09/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 22/09/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 22/09/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/ Dt.11/09/2026
NO.: IP/DMN/2/5/2026-27/504 DATED : 18/09/2026

### UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Maintenance and Repair of Valves for Water Supply Scheme in DNH (South Zone) (3rd Call)**

| | |
|---|---|
| Tender No. | 16 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8249_1 |
| On line downloading start of tender documents | 11/09/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 22/09/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 22/09/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 22/09/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/ Dt.11/09/2026
NO.: IP/DMN/2/5/2026-27/503 DATED : 18/09/2026

### UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Construction of Toilet Block at Karajgam Patilpada D&NH (3rd Call)**

| | |
|---|---|
| Tender No. | 16 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8251_1 |
| On line downloading start of tender documents | 11/09/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 22/09/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 22/09/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 22/09/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/ Dt.11/09/2026
NO.: IP/DMN/2/5/2026-27/505 DATED : 18/09/2026

### UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Procurement of Spare Mtor Pump sets for W/S Scheme and L.I.S. Scheme installed in D & NH area, (2nd Call)**

| | |
|---|---|
| Tender No. | 16 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8252_1 |
| On line downloading start of tender documents | 11/09/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 22/09/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 22/09/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 22/09/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/ Dt.11/09/2026
NO.: IP/DMN/2/5/2026-27/506 DATED : 18/09/2026

No.MAM/KNVL/RBD-DNH/187/2026/1026 Dated: 29/07/2026

**APPLICANT - SHRI GOPJIBHAI RAGHUBHAI NIMALA,**
**R/o. Avarpada, Apti, DNH**
**Mob.: 9904931094/974748630**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Surangi.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Gopjibhai Raghubhai Nimala, R/o. Avarpada, Apti, DNH has submitted an application dated 09/07/2026 seeking registration of date of death of his mother namely Bayjuben Raghubhai Nimala, who died on 23/06/1990 at Village Apti, Avarpada, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Surangi.

Therefore, the applicant has requested to issue an order to register the death of Bayjuben Raghubhai Nimala.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

Sd/-
Circle Inspector (K)
DNH, Khanvel.


**ટેરેસ ગળે છે ??**

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205



**ડિસ્કાઉન્ટ ધમાકા**

તાં. 1-8-26.થિ. ચાલુ

ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો

પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ

MAYUR FOOTWEAR

5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ

કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર

Paragon Bata Lakhani campus

શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361








દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ

શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon

LORDS MEN'S WEAR

એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬





Saturday 19, September 2026

# દમણગંગા ટાઈમ્સ






વાપીમાં એક ગણેશ મંડળના પંડાલ બહારનો આ નજારો દિલ જીતી લે તેવો છે. એક નાનું બાળક હાથમાં ફુગ્ગો લઈ બાપ્પાની મૂર્તિ જોવા ઉત્સુકતા દાખવતા માતા તેને મંડપ પાસે લઈ ગઈ હતી. જ્યાં બાળક અંદર બાપ્પાની પ્રતિમાને નિહાળી રહ્યું છે.જોઈ રહ્યું છે, જ્યારે બુરખા પહેરેલા માતા ઊભા છે. સામાન્ય નાગરિકને ધર્મમાં કોઈ વાડા નડતા નથી.


### માહિતી ભવનના લોકાર્પણ અંતર્ગત

## વલસાડ જિલ્લા પત્રકાર સ્નેહ મિલન સમારોહ યોજાયો

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લા માહિતી કચેરીના નવા ભવનના લોકાર્પણને અનુલક્ષીને જિલ્લા માહિતી કચેરી દ્વારા જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા કર્મચારીઓ સાથે સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી ઉમેશ બાવીસાએ જણાવ્યું હતું કે સરકાર અને -જા વચ્ચે માહિતીના સેતુ તરીકે માહિતી કચેરી કાર્ય કરે છે ત્યારે માહિતી કચેરી અને મીડિયા વચ્ચેનો સંબંધ માત્ર વ્યવસાયિક નથી પરંતુ પરસ્પર વિશ્વાસ, સહયોગ અને સંવાદનો સંબંધ છે. માહિતી મદદનીશ જિજ્ઞેશ સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. નવા ભવનના નિર્માણ બદલ વરિષ્ઠ પત્રકાર ઉત્પલ દેસાઈએ પ્રતિભાવ આપવા સાથે સૌ પત્રકારોએ માહિતી ખાતાની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર સુનિલ મહેતા, અધિક્ષક અક્ષય દેસાઈ, ઓપરેટર પ્રફૂલ પટેલ, ટેકનિકલ આસિસ્ટન્ટ મહેશ પટેલ, જુનિયર કર્લાક સુનિતા પટેલ સહિતનો સ્ટાફ અને જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ભાવભીની શ્રદ્ધાંજલિ**


**સ્વ. અપૂર્વ પાઠકને અશ્રુભીની ભાવવંદના...**
વર્ષોની આપણી મિત્રતા, સ્નેહ, વિશ્વાસ અને આત્મીયતાથી ગૂંથાયેલી એક અવિસ્મરણીય તથા અમૂલ્ય સફર હતી.
સાથે વિતાવેલી યાદગાર પળો, આપનું નિખાલસ સ્મિત, સરળ અને સેવાભાવી સ્વભાવ તથા પ્રેમાળ વ્યક્તિત્વ સદાય હૃદયમાં જીવંત રહેશે.
કેટલાક સંબંધો ક્યારેય પૂર્ણ થતાં નથી તેઓ સ્મૃતિ બની જીવનભર હૃદયમાં ધબકતા રહે છે.
પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને પરમ શાંતિ અને મોક્ષગતિ અર્પે એવી હૃદયપૂર્વક અભ્યર્થના.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સ્વ. અપૂર્વ કિશોરભાઈ પાઠક
જન્મ તા.૧૫/૦૮/૧૯૬૮
સ્વ.તા.૧૬/૦૯/૨૦૨૬

લિ.
જનક ભૂપતરાય પારેખ
વ્રજ જનક પારેખ
બિમા બજાર સમૂહ



**॥ સાદડી - બેસણું ॥**



**પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ મરણ**

ભાવનગર નિવાસી હાલ વાપી સ્વ. અપૂર્વભાઈ પાઠક. ઉ.વ.૫૮ (સારસ્વત સ્કૂલ) તે કિશોરભાઈ કાંતિલાલ પાઠક તથા સ્વ.વસુબેનના પુત્ર, માધવીબેન પાઠકના પતિ થાય. કુંજિકાના પિતા થાય, રાજીવભાઈ પાઠકના મોટાભાઈ થાય તેમજ રવિભાઈ, મોહિતભાઈના પિતરાઈ ભાઈ થાય. તે મધુબેન જગદીશચંદ્ર જૈંતીલાલ ત્રિવેદી તથા વીણાબેન પ્રવિણચંદ્ર ત્રિવેદીના જમાઈ થાય. લાલુભાઇ (અમિત) અને પંકજ ત્રિવેદીના બનેવી થાય.

**બંને પક્ષની સંયુક્ત સાદડી**
તા.૧૯/૦૯/૨૦૨૬ ને શનિવારના રોજ સાંજે ૩:૦૦ થી ૫:૦૦ પટેલ સમાજની વાડી, બીજે માળે, હરિયા હોસ્પિટલ રોડ, વાપી ખાતે રાખેલ છે.

કિશોરભાઈ કે. પાઠક - 9898186220
માધવીબેન અપૂર્વભાઈ પાઠક - 9712946751
રાજીવભાઈ પાઠક - 9824399963
અમિત ત્રિવેદી - 9925026819
પંકજ ત્રિવેદી - 9925222454


### આ તે ગાલ્લાના ચાસ કે પાકો રસ્તો

## વાપી-બલીઠા સબવેને જોડતો રોડ ભ્રષ્ટાચાર કે બેદકારીની પરાકાષ્ટા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૮ :** વાપીના બલીઠા સબવેને જોડતો પૂર્વ વિસ્તારનો મુખ્ય રોડ છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હાલતમાં છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રોડ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે અને ડામર ઉખડી જતા વાહનચાલકો માટે આ રોડ જીવલેણ થવાની ભીતિ છે.

બલીઠા સબવે વાપીના પૂર્વ પશ્ચિમ વિસ્તારમાં અવરજવર માટે જે ટાઈપ મોટા રેલ્વે નાળા બાદ હજારો વાહન ચાલકો માટે જીવાદોરી સમાન છે.જ્યાંથી રોજ હજારો વાહનો પસાર થાય છે. ચોમાસા દરમિયાન રોડની હાલત વધુ વણસી છે. બાઈક સવારો વારંવાર લપસીને પડી જાય છે,જેથી ગંભીર અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. અહીં રેલ્વે તરફના માર્ગ ઉપર કોઈ સેફટી વોલ ન હોવાથી રેલવેની ગટરમાં વાહન ચાલકો ખાબકી પાડવાની ભીતિ રહે છે. બે મહિના પહેલા ભારે વરસાદમાં આ સબવેનો પશ્ચિમ તરફ હાઈવેનો એપ્રોચ રોડ બેસી ગયેલો જે બાદ તંત્ર એ થૂંક ચોપડવા જેવું કામ કરેલું આજે પણ દેખાય છે.

તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ જણાય છે.તાત્કાલિક ધોરણે રોડનું સમારકામ નહીં થાય તો દુર્ઘટના સર્જાવાની શક્યતા છે. આ બાબતે આર એન્ડ બી ના અધિકારી જતીન પટેલનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તેમણે કોઈ કારણસર ફોન ઉપાડ્યો ન હતો. લોકોની માંગ છે કે તંત્ર વહેલી તકે આ રોડનું રીસરફેસિંગ કરી લોકોને રાહત આપે.

## પારડી પાલિકા વિસ્તારનાં જર્જરિત મિલ્કત અંગે નોટીશ અપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૧૮ :** પારડી નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં ૧ થી ૭માં આવેલ જર્જરિત મિલકત અંગે મિલકતધારકોને પારડી નગરપાલિકા દ્વારા જાહેર નોટિસ આપવામાં આવી છે પારડી પાલિકાના વેરા વિભાગ એ આપેલી નોટિસમાં જાહેર જનતાને જાણ કરવામાં આવી છે કે જે મિલકતો જર્જરિત, ખંડેર અથવા તેવી તમામ મિલકતોના મિલકતધારકો એ નગરપાલિકાના નિયમોનુસાર બાકી રહેલા મિલકત વેરો તાત્કાલિક ભરપાઈ કરવા તાજવીજ હાથ ધરવી અને સંબંધિત તમામ મિલકતધારકોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના દિવસથી દિન-૧૦ દસ માં નગરપાલિકાનો બાકી મિલકત વેરો તથા લાગુ પડતી અન્ય રકમની ભરપાઈ કરી દેવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં વેરાની ભરપાઈ કરવામાં નહીં આવે તો નગરપાલિકા દ્વારા લાગુ પડતા નિયમો અને જોગવાઈઓ અનુસાર સંબંધિત મિલકતની આકારણી રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા જરૂરી જણાય તો મિલકત પર વધારાના વેરાનો બોજો લાદવાની કાર્યવાહી પણ કરવામાં આવશે આ ઉપરાંત વેરાની બાકી રકમની વસૂલાત માટે નગરપાલિકાના નિયમો મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત મિલકતધારકની રહેશે આથી વોર્ડ નં. ૧ થી ૭ ના તમામ સંબંધિત મિલકતધારકોને અનુરોધ કરવામાં આવે છે કે, કોઈપણ પ્રકારની કાર્યવાહી ટાળવા માટે નિર્ધારિત સમયમર્યાદામાં પોતાનો બાકી મિલકત વેરો ભરી નગરપાલિકાને સહકાર આપે એવી અપીલ કરવામાં આવી છે.

## ધરમપુરમાં વીજ કરંટ લાગતાં મહિલાનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૧૮ :** ધરમપુર પોલીસ મથકે કરાયેલ જાણ અનુસાર ધરમપુરના કુંભારવાડ ફળિયામાં વીજ કરંટ લાગતાં ૫૭ વર્ષીય મહિલાનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, શાંતિબેન શંકરભાઈ વેસ્તાભાઈ કુંકણા (ગાંવિત), ઉંમર ૫૭ વર્ષ, રહે. કુંભારવાડ ફળિયું,આજરોજ સવારે આશરે ૬:૩૦ વાગ્યે પોતાના ઘરના પાછળના પેઝારીના ભાગે ગયા હતા. દરમિયાન ત્યાં આવેલી લોખંડની એંગલમાં કોઈ કારણસર વીજ કરંટ પ્રવાહિત થતાં શાંતિબેનને વીજ કરંટ લાગ્યો હતો.

કરંટ લાગ્યા બાદ સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે.

## આજે ખેરગામમાં દિવ્યાંગ સાધન સહાયનું વિતરણ થશે

**ખેરગામ, તા.૧૮ :** ખેરગામ કુમાર શાળામા દિવ્યાંગ - વરિષ્ઠ નાગરિકોને જરૂરિયાત મુજબ વ્હીલચેર, ટ્રાઈસાઈકલ, કૃત્રિમ અંગ અને શ્રવણયંત્ર વૉકર, સ્ટિક-લાકડી, કાખઘોડી અને ઢીંચણ સહાયક સહિતના સાધનોનું વિનામૂલ્યે યોગ્યતા આધારે વિતરણ કરવા યોગ્યતાની તપાસ ખરાઈ કરવામાં આવી હતી.

ભારત સરકાર સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા વયોશ્રી યોજના-દિવ્યાંગજનો વરિષ્ઠો માટે સહાયક ઉપકરણ યોજના જે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ તથા જિલ્લા વહિવટી તંત્ર, નવસારીના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે નિ:શુલ્ક સહાયક ઉપકરણો આપવા માટે ખેરગામ તા.માંથી જરૂરીયાતમંદ પસંદગી પામેલા ૨૩૨ વયોવૃદ્ધ- ૭૫ દિવ્યાંગજનને આજે શનિવારે સવારે ૯:૦૦ વાગ્યાથી સાંજના પાંચ સુધી મામલતદાર સેવા સદનના ભોંય તળિયે વિતરણ કરવામાં આવશે. કુલ ૩૦૭ લાભાર્થીઓમા સૌથી વધુ ખેરગામના ૧૨૮ અને વાડના ૩૨ વ્યક્તિ સહિત તમામને જાણ કરવામાં આવેલ છે એમ મામલતદાર વિજય પટેલ દ્વારા જણાવાયું છે.


**અનાવિલ બ્રાહ્મણ અવસાન-બેસણું**



સ્વ. શ્રી રમેશચંદ્ર રણછોડજી દેસાઈ
સ્વ. ગુરૂવાર, તા. ૧૭/૦૯/૨૦૨૬

ગામ દાદરાના નિવાસી સ્વ. શ્રી રમેશચંદ્ર રણછોડજી દેસાઈ (ઉ.વ. ૮૩) તેઓ ગુરૂવાર, તા. ૧૭-૯-૨૦૨૬ના રોજ ગુજરી દેવલોક પામ્યા છે.

તેઓ સ્વ. શાંતાબેન રણછોડજી દેસાઈ તથા સ્વ. રણછોડજી દેસાઈના પુત્ર, સ્વ. મધુલતાબેનના પતિ, એકતા, તન્વી અને જેસલના પિતાશ્રી, હિતેશકુમાર, ભાવિનકુમાર (ભાવેશ) અને સપનાનાં સસરા, મનયના દાદા, ઉર્વલ, પાર્શ્વના નાના, તેઓ કંચનબેન, ગીતાબેન, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. વર્ષાબેનના ભાઈ, પ્રમોદભાઈ, સ્વ. દોલતભાઈ, નટવરલાલ તથા સ્વ. મુકેશભાઈના સાળા.

સાસરા પક્ષ : ડુંગરા નિવાસી સ્વ. વજીયાબેન મોહનજી દેસાઈ, સ્વ. મોહનજી નાગરજી દેસાઈનાં જમાઈ, સ્વ. શાંતિલાલ, સ્વ. મનહરભાઈ, સ્વ. કંચનબેન અને ગં.સ્વ. વાસંતીબેનના બનેવી.

તેમની બંને પક્ષની સદ્‌ગતની સાદડી તા. ૧૯-૯-૨૦૨૬ ને શનિવારના રોજ સમય બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે લાયન્સ ઉપાસના ઇંગ્લીશ મીડીયમ સ્કુલ, ચોથો માળ, ગુંજન, જી.આઈ.ડી.સી., વાપી મુકામે બપોરે રાખેલ છે.
(લૌકિક રિવાજ બંધ છે.)

જેશલ રમેશભાઈ દેસાઈ – મો.: ૯૮૯૮૩ ૫૦૦૦૧
દાદરા દેસાઈવાડ, દાદરા.




વાપી સેલવાસ ઉપર આડેધડ ટ્રક અને ટેમ્પોના પાર્કિંગને કારણે દ્વિચક્રી વાહનચલાકોને ભારે અગવડતા પડી રહી છે, છાશવારે ટ્રાફિક જામ થવાના બનાવો પણ બની રહ્યા છે ક્યારેક કોઈને ગાડી ડિવાઈડર પાસેથી ગાડી વટાવી બીજી તરફ આવતા પણ ઘણી તકલીફ પડે છે. ટ્રાફિક પોલીસે આ વિસ્તારમાં આડેધડ પાર્ક થયેલા મોટા વાહનો સમયે જરૂરી કાર્યવાહી કરે એ સમયનો તકજો છે.

## વાપીમાં ગાંજા સાથે ઝડપાયેલા ૩ આરોપીઓને ૧૦ વર્ષની કેદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૮ :** પાંચ વર્ષ અગાઉ વાપીના ભડકમોરા વિસ્તારમાં આવેલા સુલપડ નજીક ઝુંપડપટ્ટીમાંથી ગાંજાનો જથ્થો રાખી છૂટક વેચાણ કરતા ત્રણ આરોપીઓને વલસાડનાં ચોથા એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજે ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૧ લાખનો દંડ ફટકારતો મહત્વપૂર્ણ હુકમ કર્યો હતો. દંડ ન ભરે તો આરોપીઓએ વધુ ૬ મહિનાની કેદ ભોગવવાની રહેશે.

પાંચ વર્ષ અગાઉ વાપી ટાઉન પોલીસે ૭.૫૫૬ કિલોગ્રામ ગાંજો કિંમત ૭૫,૫૬૦ રૂપિયા બે નંગ મોબાઈલ ફોન કિંમત ૫,૫૦૦ મળી કુલ ૮૧,૦ ૬૦ રૂપિયા ના મુદ્દા માલ સાથે મનોજકુમાર જગદેવસીંગ ઠાકુર ઉ.વ. ૩૮, ભુષણ જામુનભાઈ ચોરસીયા ઉ.વ. ૨૮, તથા અભીષેકકુમાર અશોકસિંહ તમામ રહે. સુલપડ વાપીનાએ નાશિકથી ગાંજો મંગાવી વાપીમાં છૂટક વેચાણ કરતા હોવાનું પકડાયેલા મુખ્ય આરોપી મનોજકુમાર ઠાકુરે કબૂલાત કરી હતી કે તે નાશિક મહારાષ્ટ્ર માં ગોદાવરી નદી નજીક રહેતા સચિન્દરકુમાર પાટીલ પાસેથી એસ.ટી. બસ મારફતે ગાંજાનો જથ્થો મંગાવતો હતો. આ જથ્થો લાવ્યા બાદ તે પોતાના સહ-આરોપીઓ ભુષણ ચોરસીયા અને અભિષેકકુમાર સાથે મળીને વાપી ખાતે ઝુંપડામાં રાખી છૂટક વેચાણ કરતો હતો. પોલીસે ગાંજો પૂરો પાડનાર સચિન્દરકુમાર પાટીલને વોન્ટેડ જાહેર કર્યો હતો. જે અંગે પોલીસે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં NDPS એકટ ૧૯૮૫ ની કલમ ૮(સી), ૨૦(બી), અને ૨૯ હેઠળ ગુનો નોંધી, કાયદેસરના સેમ્પલ FSL ગાંધીનગરમાં મોકલી ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. વલસાડની ચોથી એડિશનલ કોર્ટે નાં જજ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા આધાર-પુરાવા, પંચનામા અને એપીપી અનુપ મિસ્ત્રીની સચોટ રજૂઆતોને ધ્યાને રાખી વલસાડનાં ચોથા એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજે ત્રણેય આરોપીઓને ૧ લાખનો દંડ અને ૧૦-૧૦ વર્ષની કેદની સજા ફટકારતો મહત્વપૂર્ણ હુકમ કર્યો હતો. દંડ ન ભરે તો આરોપીઓએ વધુ ૬ મહિનાની કેદ ભોગવવાની રહેશે.

## વાપીમાં ફોન સ્નેચિંગની ત્રણ ઘટના બની

**વાપી, તા.૧૮ :** વાપીના આશાધામ સ્કુલની સામે કોપરલી રોડ પર મોબાઈલ સ્નેચિંગની ઘટના બની છે. વાપી GIDC ગુંજન ખાતે આવેલ બેંક ઓફ બરોડામાં મ્યુચ્યુઅલ સીના હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા વિકાસકુમાર નરેન્દ્રકુમાર શ્રીવાસ્તવ (ઉ.વ.૩૭) ગત તા. ૧૬/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૦:૩૦ થી ૧૧ વાગ્યાના અરસામાં પોતાના મિત્ર સાથે ફોન પર વાત કરતા-કરતા ચાલતા જઈ રહ્યા હતા.


**ટાઉન પોલીસ સ્ટેશનની સામે જ વેપારીના હાથમાંથી ફોન ખેંચાયો**

ત્યારે પાછળથી સફેદ કલરની એક્ટિવા પર આવેલા ૨૦ થી ૨૨ વર્ષના બે અજાણ્યા ઈસમોએ તેમના હાથમાંથી ઓપ્પો કંપનીનો મોબાઈલ કિ.રૂ. ૧૭૦૦૦ ખેંચીને વાપી ગુંજન ચાર રસ્તા તરફ નાસી ગયા હતા. અંધારું અને ચાલકે ઝડપભેર હંકારતા નંબર પ્લેટ જોઈ શકાઈ ન હતી.

બીજી તરફ વાપી ટાઉનમાં ગઈ કાલે વહેલી સવારે એક ફૂલના વેપારીના હાથ માંથી આશરે ૪૦ હજારની કિંમત નો મોબાઈલ ફોન ખેંચાયો હતો. તો ગઈ કાલે જ વાપી ગીતાનગર રેલ્વે સ્ટેશન રોડ પર એવરસાઈન ટાવર પાસેમોબાઈલ સ્નેચીંગની બે ઘટના સામે આવી છે.

આમ ત્રણ ઘટના બે દિવસમાં બની છે. જેમાં એક ૧૫૦૦૦ હજાર અને બીજો ૨૭ હજારની કિંમતનો મોબાઈલ ખેંચી ચોર રેલ્વે સ્ટેશન તરફ નાસી ગયો હતો.


**પ્રાર્થના સભા**



**સ્વ.મહેશચંદ્ર કૃપાશંકર ગોર**
તારીખ 7/9/ 2026 પ્રભુ શરણ થયા છે.

પ્રાર્થના સભા
Date - 21/09/26 Monday
Kutchi Samaj Hall Sundarvan , Umbergaon, Gujarat.
Time - 3 to 5 PM
જયેશભાઈ ગોર- 9825125539
યશભાઈ ગોર - 7575060895
Om Shanti
National
Kunj Needles Industries


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**